
॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રી વાસુપૂજ્ય સ્વામીને નમઃ ॥
॥ શ્રી મહાવીરાય નમઃ ॥

# તપ-સૌરભ





વીર સં. ૨૫૨૪ વિ.સં. ૨૦૫૪ ઈ.સ. ૧૯૯૮
ફાગુણ શુદ ૫ તારીખ : ૨-૩-૧૯૯૮

વીર સં. ૨૫૨૪ વિ.સં. ૨૦૫૪ ઈ.સ. ૧૯૯૮

ફાગુણ શુદ ૫ તારીખ : ૨-૩-૧૯૯૮

❖ પ્રાપ્તિ સ્થાન ❖

**કીર્તિબેન વસંતલાલ ગાંધી**

ગાંધી બંગલો, ઝવેર રોડ, મુલુન્ડ,

મુંબઈ - ૪૦૦ ૦૮૦. (India)

ફોન : ૫૬૧૪૮૭૮, ૫૬૯૨૨૯૭

❖❖❖

**JAIN CENTRE**

Buena Park, CA., U.S.A

❖❖❖

❖ Printed By ❖

**POONAM PRINTERS (DILIPBHAI)**

D-41, Mirani Nagar, G. G. Road, Mulund (W),

Mumbai - 400 080. (India)

Tel. : 564 8365

**કિંમત : શક્તિ પ્રમાણે તપ આદરો**

# વિષયાનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| શ્રી નવકાર તપ | ૧ |
| શ્રી બીજનો તપ અને વિધિ | ૧ |
| શ્રી જ્ઞાન પંચમીની કથા અને વિધિ | ૨ |
| શ્રી પોષદશમી તપ | ૧૦ |
| શ્રી મૌન એકાદશી તપ વિધિ | ૧૭ |
| શ્રી મેરુ ત્રયોદશી તપની વિધિ | ૧૭ |
| શ્રી ચૌમાસીની કથા અને વિધિ | ૧૮ |
| શ્રી સંવત્સર તપ | ૨૩ |
| શ્રી નિર્વાણદીપક તપ (દિવાળીનો છઠ્ઠ) | ૨૪ |
| શ્રી ચૈત્રી પૂનમની કથા અને વિધિ | ૨૬ |
| શ્રી રોહિણી તપ | ૩૬ |
| શ્રી અક્ષયનિધિ તપ અને વિધિ | ૪૦ |
| શ્રી આયંબિલ વર્ધમાન તપ | ૪૯ |
| શ્રી એક ચોખાનું આયંબિલ (ઉત્કૃષ્ટ તપ) | ૫૦ |
| શ્રી વર્ષીતપ વિધિ | ૫૧ |
| શ્રી સ્વર્ગ સ્વસ્તિક તપ | ૫૨ |
| શ્રી નિગોદ આયુક્ષય તપ | ૫૨ |
| શ્રી સાત સૌખ્ય આઠ મોક્ષ તપ | ૫૩ |
| શ્રી નવકારસી ચોવિહાર | ૫૩ |
| શ્રી પચ્ચક્ખાણ | ૫૩ |
| શ્રી ચૈત્યવંદની વિધિ (સૂત્ર સાથે) | ૫૫ |

# પ્રસ્તાવના *

(રાગ :- સમરો મંત્ર ભલો નવકાર)

રહીને સાત સમંદર પાર, તરવા ભવસમુદ્ર પાર;
ગણજો એકચિત્તે નવકાર, કાઢજો તપથી દૂર વિકાર ..રહીને
નવકારશી કરતાં, ચોવિહાર કરતાં, નરક-નિગોદ ભવ કપાય,
શંખેશ્વરા પાર્શ્વનાથના અઠ્ઠમ કરતાં, આતમ પાવન થાય
..રહીને
બીજ-પાંચમના તપ આરાધતાં, જ્ઞાનની વૃધ્ધિ થાય,
પોષદશમી, મૌન અગિયારસ કરતાં, કલ્યાણકની આરાધના થાય
..રહીને
રોહિણીતપની આરાધના કરતાં, દુઃખ દરિદ્ર જ જાય;
વર્ષીતપને મેરુતેરસ કરતાં, શ્રી આદેશ્વર દાદા દેખાય ..રહીને
ચૈત્રી પૂનમે શ્રી પુંડરીકસ્વામી, પાંચક્રોડ, મુનિ સાથ,
શ્રી સિધ્ધાચલ તીરથી નામી, થયા સિધ્ધ સનાથ ..રહીને
અક્ષયનિધિનો તપ આરાધતાં, સુંદરીને નિધાન પ્રગટ થાય;
વર્ધમાન આયંબિલ તપની મહત્તા, એક ચોખાદાણે ઉત્કૃષ્ટ થાય
..રહીને
સિધ્ધશીલા પર વાસ મેળવવા, સ્વર્ગસ્વસ્તિક તપ થાય;
સંવત્સર તપ કરી જીવ ખમાવવા, વડાકલ્પના છઠ્ઠ તપ થાય
..રહીને
છઠ્ઠ કરતાં નિર્વાણદીપક તપનાં, વીર ગૌતમ વંદાય,
માલતી ફૂલે પૂજી પ્રભુને, ઘર ઘર તપની પ્રેરણા થાય ..રહીને
કલ્પના કરો દૂર દેશાંતરમાં ભક્તિ ભાવના રૂડી થાય;
મિભલ-મેઘ જેમ ગાજે નભમાં, તેમ જૈન ધર્મ ફેલાય ..રહીને

# * તપનો મહિમા *

આ અનાદિ સંસારમાં અનંતકાળથી ચાલી રહેલાં જન્મ-મરણનાં વિષચક્રને વિખેરવા માટેનું અમોઘશસ્ત્ર તે તપ છે. આવા વિઘ્નવિદારક, વિકાર વિનાશક, આત્મવિકાસક, ભવશોષક અને પુણ્યપોષક તપોધર્મને સંયમનાં સ્વાંગથી સજ્જ બનીને આરાધન કરનારા અનેક આત્માઓ કર્મના મર્મને ભેદીને ભવની બેડીને છેદીને મુક્તિધામે પહોંચી ગયા છે.

## તપશ્ચરણની આવશ્યકતા

જીવની ચાર ગતિ પૈકી મનુષ્યગતિને શ્રેષ્ઠ ગણવામાં આવી છે. માનવજીવનનું ચણતર ધર્મનાં દ્રઢમૂળ પાયા પર જ નિર્ભર છે. દાન, શીલ, તપ અને ભાવ એ ચાર ધર્મનાં સ્તંભો છે.

જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણ વગેરે ધર્મકરણી નિર્જરાના હેતુભૂત છે, પરંતુ નિકાચીત કર્મોના ક્ષય માટે તો - 'તપ એજ એક અમોઘ ઉપાય છે.

## તપની મહત્તા

જે ક્રિયા વડે શરીરનાં રસ, રુધિર વગેરે સાતે પ્રકારની ધાતુઓ અથવા તો કર્મસમૂહ તાપ પામે - શોષાઈ જાય તેને 'તપ' કહેવામાં આવે છે, શાસ્ત્રકાર - ભગવંતોએ પ્રસંગે પ્રસંગે તપનાં અનેક પ્રકારે ગુણ ગાયા છે.

भव कोडि संचियं कम्मं, तवसा निज्जरिजई

કોડા ભવમાં સંચિત કરેલું કર્મ તપ વડે ક્ષય પામે છે. જેમ રાજહંસ દૂધમાં રહેલ પાણીને ભિન્ન કરે છે તેમ પ્રાણીઓનાં કર્મરૂપ મેલને તપ (આત્માથી) જુદો પાડે છે.

નવકાર પહેલું પદ.. જગત્નું શ્રેષ્ઠ પદ... ને ઉંચામાં ઉંચુ પદ... તીર્થંકર પદ... અરિહંતપદ...
આ પદ પહોંચનારા ઓછા હોય છે.. માત્ર ૨૪ જ આત્મા આ અવસર્પિણીમાં આ પદને પામેલા -

વરસ દિવસના ગોચરી પાણીના વિજોગ ને ૧૦૦૦ વર્ષનું ચારિત્ર પાળી પહેલા દાદા શ્રી ઋષભદેવ ભગવાનને અને ૧૨॥ વર્ષની ઘોર તપ અને કષ્ટની યાત્રા બાદ ૨૪માં પ્રભુવીરને આ તીર્થંકર પદ પ્રાપ્ત થયું છે...

આ પદે. પહોંચવાની ઈચ્છા ઘણાની હોય છે.. પણ.. અકલ્પ્ય સાધના સાંભળી કેટલાય પાછા પડી જાય છે... એ વખતે.. આનો શોર્ટકટ મારા અસીમ ઉપકારી પૂ. ગુરુદેવશ્રી વિક્રમસૂરીશ્વરજી મ.સા. બતાવેલ.. કે "એક અક્ષર પણ રોજ નવો ભણે તે તીર્થંકર બને" અભિનવજ્ઞાન પદ જે વીશસ્થાનકનું ૧૮મું પદ છે તેની આરાધના આજ છે..

વિવિધ તપોની પણ જાણકારી પણ જ્ઞાન જ આપે છે અને ચારિત્રની પાલના કેમ કરવી તેના મૂળમાં પણ આ જ્ઞાન જ છે..... આવી જ્ઞાન સ્વરૂપ આ પુસ્તક વારંવાર વાંચો જેથી.. અનેકવિધ તપ આચરવાનો ઉલ્લાસ જીવન માં જાગશે..

અને જેમ જેમ તપ જીવનમાં વધશે તેમ તેમ આત્માની શુદ્ધિ વધશે.. અને.. વિશુદ્ધ એવો આત્મા એક દિવસ શાશ્વત સિદ્ધશીલાનો વાસી બની જશે...

પુણ્યશાળીઓ... જીવન માં... જ્ઞાન નો વિકાસ કરો.. અને જ્ઞાન ને પણ.. પ્રેરક બને એવા તપનો વિકાસ કરો... તો તમામ કર્મોનો રકાસ થશે.. અનાદિની રાગદ્વેષની ચીકાશ દૂર થશે.. અને કેવલજ્ઞાનનો પ્રકાશ પ્રગટશે...

જ્ઞાન અને તપની સાધનાથી આ બધું તમારા જીવન માં પ્રગટે.. એજ અભિલાષા સાથે

દઃ આ. યશોવર્મસૂરિ

**નમો અરિહંતાણં**

**નમો સિદ્ધાણં**

**નમો આયરિયાણં**

**નમો ઉવજઝાયાણં**

**નમો લોએ સવ્વ સાહૂણં**

**એસો પંચ નમુકકારો**

**સવ્વ-પાવપ્પણાસણો**

**મંગલાણં ચ સવ્વેસિં**

**પઢમં હવઈ મંગલં.**

પંચિદિય સંવરણો, તહનવવિહ બંભચેર ગુત્તિધરો
ચઉવિહ કસાય મુકકો, ઈહ અટ્ઠારસ ગુણેહિં સંજુત્તો.
પંચમહવ્વય જુતો, પંચવિહાયાર પાલણ સમત્થો;
પંચ સમિયો તિ ગુતો,
છત્તીસ ગુણો ગુરુમજઝ.

અનંતજ્ઞાનીઓ જણાવે છે કે-કર્મ જેવો આપણા આત્માનો અન્ય કોઇ શત્રુ નથી, અને કર્મના વિનાશ માટે તપધર્મ જેવો અન્ય કોઇ ઉપાય નથી.

તપધર્મ વિશુદ્ધ બને તો જ તે કર્મનો વિનાશ કરી શકે. અને તપધર્મને વિશુદ્ધ બનાવવા માટે તપસ્વી આત્માએ આ ચાર ગુણોને વિકસાવવા જોઇએ: (૧) મનથી અને વર્તનથી બ્રહ્મચર્યનું શુદ્ધ પાલન. (૨) શ્રીજિનપૂજા (૩) કષાયનાશ અને (૪) શ્રીજિનાજ્ઞાની એવી આરાધના, કે જેના પરિણામે ભવોભવ વધુ ને વધુ શ્રીજિનાજ્ઞાની આરાધનાઓ સંપ્રાપ્ત થાય........

તપધર્મ બાર પ્રકારનો છે. બારે બાર પ્રકારના તપધર્મનો સાર છે: અનુચિત ઇચ્છાઓથી મુક્તિ.

અનુચિત એટલે કે પાપપ્રેરક ઇચ્છાઓથી મુક્તિ મેળવવાનું ધ્યેય જેની નજરસામે સતત રહે છે, તે તપસ્વી આત્મા, કર્મોના કાતિલ બન્ધનોમાંથી સત્વર મુક્ત થઇ શકે છે.

તપધર્મનો વિસ્તારથી પૂર્ણપરિચય મેળવીને આપણે આપણા આત્માને તપધર્મથી ઓતપ્રોત બનાવીએ....અને તે દ્વારા ભવદુર્લભ આ માનવઅવતારને સાર્થક બનાવીએ એવી શુભભાવના સહ-

મોક્ષરતિવિજયના ધર્મલાભ

તીર્થાધિરાજ શ્રીસિદ્ધગિરી
વીરસંવત ૨૫૨૪ શ્રા.સુ.૧૨

## * શ્રી નવકાર તપ *

નવકાર ફળને આપનાર હોવાથી આ નવકાર તપ કહેવાય છે. તેમાં શક્તિહીન માણસે નવકાર તપમાં કહ્યા પ્રમાણે અડસઠ એકાસણાં અથવા ૬૮ ઉપવાસ કરી ન શકે તેણે નવકારના પદ જેટલા એટલે નવ એકાસણાં લગોલગ કરવાં. આ મુનિ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. ગરણું વિગેરે નવકાર તપ પ્રમાણે સમજવું.

| | | | સા. | ખ. | લો. | ન. |
|---|---|---|---|---|---|---|
| પહેલી સંપદાએ | | નમો અરિહંતાણં | ૭ | ૭ | ૭ | ૨૦ |
| બીજી | ,, | નમો સિદ્ધાણં | ૫ | ૫ | ૫ | ૨૦ |
| ત્રીજી | ,, | નમો આયરિયાણં | ૭ | ૭ | ૭ | ૨૦ |
| ચોથી | ,, | નમો ઉવજ્ઝાયાણં | ૭ | ૭ | ૭ | ૨૦ |
| પાંચમી | ,, | નમો લોએ સવ્વસાહૂણં | ૯ | ૯ | ૯ | ૨૦ |
| છટ્ટી | ,, | એસો પંચ નમુક્કારો | ૮ | ૮ | ૮ | ૨૦ |
| સાતમી | ,, | સવ્વપાવપ્પણાસણો | ૮ | ૮ | ૮ | ૨૦ |
| આઠમી | ,, | મંગલાણં ચ સવ્વેસિં પઢમં હવઈ મંગલં | ૧૭ | ૧૭ | ૧૭ | ૨૦ |

## * શ્રી બીજનો તપ અને વિધિ *

આ તપ કાર્તિક શુદી બીજથી શરૂ કરવાનો છે. તેમાં દરેક માસની શુદી બીજે ચોવિહાર ઉપવાસ કરવો. એ રીતે બે વર્ષ અને બે માસ સુધી અથવા ઉત્કૃષ્ટ બાવીશ વરસ સુધી આ તપ કરવો. સવાર સાંજ બન્ને વખત પ્રતિક્રમણ, પ્રતિલેખના, ત્રિકાલ દેવવંદન કરવું. ઉદ્યાપન શક્તિ પ્રમાણે

કરવું. બાવીશ બાવીશ વસ્તુઓ જ્ઞાન પાસે ઢોકવી. ગરણું વિગેરે નીચે પ્રમાણે સમજવું.

| | સા૦ | ખ૦ | લો૦ | નો૦ |
|---|---|---|---|---|
| ૧. નંદિસૂત્રાય નમઃ | ૫૧ | ૫૧ | ૫૧ | ૨૦ |
| ૨. અનુયોગદ્વારસૂત્રાય નમઃ | ૬૨ | ૬૨ | ૬૨ | ૨૦ |
| અથવા | સા૦ | ખ૦ | લો૦ | નો૦ |
| ૧. ઓઘનિર્યુક્તિસૂત્રાય નમઃ | ૧૪ | ૧૪ | ૧૪ | ૨૦ |
| ૨. અનુયોગદ્વારસૂત્રાય નમઃ | ૬૨ | ૬૨ | ૬૨ | ૨૦ |

તપને દિવસે ઉપર પ્રમાણે બબ્બે ગરણાં વીશ વીશ નવકારવાળીના ગણવાં. સાથીઆ વિગેરે પણ બબ્બે સૂત્રના કરવાં.

## * જ્ઞાન પંચમીની કથા *

જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં પદ્મપુર નામે પ્રસિદ્ધ નગરમાં અજિતસેન નામે રાજા રાજ્ય કરતા હતા. તેમને રૂપ લાવણ્યવાળી ચોસઠ કળામાં નિપુણ યશોમતિ નામે રાણી તથા વરદત્ત નામે કુમાર હતો. તે પાંચ ધાવ માતાઓથી લાલન-પાલન કરાતો આઠ વર્ષનો થયો. તે વખતે માતા-પિતાએ શુભ મુહૂર્તે વિદ્યાભ્યાસ કરવા માટે તે કુમારને પંડિત પાસે મૂક્યો. પંડિત પણ વરદત્ત રાજાનો કુંવર હોવાથી તેને ખંતથી ભણાવવા લાગ્યો. પરંતુ કુમારને એક પણ અક્ષર મોઢે ચઢતો ન હોતો. તેથી ન્યાય, વ્યાકરણ વગેરે ભણવાની તો શી આશા ? વરદત્ત કુમારે પૂર્વભવમાં તીવ્ર જ્ઞાનાવરણીય કર્મ બાંધેલ હોવાથી તે ભણી શક્યો નહિ. એમ વર્ષો જતાં અનુક્રમે તે યુવાવસ્થામાં આવ્યો તે વખતે શરીરે કોઢ રોગ

થવાથી તે દુઃખમાં દહાડા કાઢવા લાગ્યો.

તેજ નગરમાં સાત કોટી સુવર્ણનો માલિક સિંહદાસ નામે ઉત્તમ શેઠ રહેતો હતો. તેને કર્પૂરતિલકા નામની સ્ત્રીથી ગુણમંજરી નામે એક પુત્રી હતી. તે જન્મથી રોગી અને મૂંગી હતી. અનેક જાતના ઉપચાર કરવા છતાં તેની અસર થઈ નહિ. તેથી તે દુઃખ ભોગવતી યુવાવસ્થાને પામી, પરંતુ કોઈ તેને પરણવા તૈયાર થયું નહિ. તેથી પરિવાર સાથે તેનાં માબાપ દુઃખી થાય છે.

એવામાં એક વાર ચાર જ્ઞાની શ્રીવિજયસેનસૂરિ નામના ગુરૂ મહારાજ ત્યાં પધાર્યા. તે વખતે પુત્ર તથા પરિવાર સાથે લઈને રાજા તેમજ પુત્રીની સાથે સિંહદાસ ગુરૂને વંદન કરવા આવ્યા. નગર લોકો પણ વંદન કરવા આવ્યા. સૌ યોગ્ય સ્થાનકે બેઠા. તે વખતે ગુરૂ મહારાજે ધર્મદેશના આપવા માંડી.

'હે ભવ્ય પ્રાણીઓ ! નિર્વાણને ઈચ્છતા જીવોએ જ્ઞાનની આરાધનામાં ઉદ્યમ કરવો જોઈએ. જે જીવો તે જ્ઞાનની મનથી વિરાધના કરે છે તેઓ ભવાન્તરમાં વિવેક રહિત શૂન્ય મનવાળા થાય છે. જેઓ જ્ઞાનની, વચનથી વિરાધના કરે છે તેઓ મૂંગાપણું તેમજ મુખના રોગને પામે છે. તેમજ જયણા વિના કાયાથી જેઓ વિરાધના કરે છે તેમના શરીરમાં દુષ્ટ કોઢ વગેરે રોગો ઉત્પન્ન થાય છે. માટે પોતાનું ભલું ઈચ્છનારે જ્ઞાનની વિરાધના કરવી નહિ.'

ગુરૂ મહારાજની ઉપર પ્રમાણેની દેશના સાંભળી સિંહદાસ શેઠે પુછ્યું કે 'હે પ્રભો ! આ મારી પુત્રી ગુણમંજરી

ક્યા કર્મથી રોગી તથા મૂંગી થઈ છે ?' જવાબમાં ગુરૂએ ગુણમંજરીનો પૂર્વભવ નીચે પ્રમાણે કહ્યો :-

'ધાતકીખંડના પૂર્વાર્ધમાં ભરતક્ષેત્રમાં ખેટક નામના નગરમાં જિનદેવ નામે ધનવાન શેઠ રહેતો હતો. તેને સુંદરી નામે સ્ત્રીથી પાંચ પુત્રો અને ચાર પુત્રીઓ થઈ. તેઓ ભણવાલાયક થયાં ત્યારે શેઠે પાંચ પુત્રોને ગુરૂ પાસે ભણવા માટે નિશાળે મૂક્યા. તેઓ કાંઈ ભણતા નહિ, પરસ્પર રમત કરતા અને ગુરૂ ઠપકો આપે અથવા શિક્ષા કરે ત્યારે મા પાસે આવીને ગુરૂ તેમને મારે છે એવી ફરીયાદ કરતા. આથી માતા ગુરૂને ઠપકો આપતી અને છોકરાંનાં પુસ્તકો વગેરે બાળી નાખતી. શેઠે આ વાત જાણીને સ્ત્રીને ઠપકો આપતાં કહ્યું કે 'પુત્રોને અભણ રાખશું તો તેમને કન્યા કોણ આપશે ? અને વેપાર કેવી રીતે કરશે ?' તે વખતે શેઠાણી બોલી કે, 'તમે જ પુત્રોને ભણાવોને ? કેમ નથી ભણાવતા ?' અનુક્રમે પુત્રો મોટા થયા. પરંતુ તેમને અભણ જાણી કોઈ કન્યા આપતું નથી. તે વખતે શેઠે સ્ત્રીને કહ્યું કે 'તે જ પુત્રોને ભણવા દીધા નહિ તેથી તેમને કોઈ કન્યા આપતું નથી.' ત્યારે તે શેઠનો વાંક કાઢીને કહેવા લાગી કે, 'પુત્રો પિતાને સ્વાધીન હોય છે તો તમે તેમને કેમ ભણાવ્યા નહિ ?' ઉલટો પોતાનો વાંક કાઢતી સ્ત્રી ઉપર ગુસ્સે થયેલા શેઠે કહ્યું કે, 'હે પાપિણી ! પોતાનો દોષ છતાં તું મારા સામે કેમ બોલે છે ? તે વખતે તે સ્ત્રી પણ બોલી કે તમારો બાપ પાપી છે. આથી કોપેલા શેઠે તેણીને પથરો માર્યો. મર્મ સ્થાને વાગવાથી તે સુંદરી મરણ પામી. ત્યાંથી મરીને તે સુંદરી તમારી ગુણમંજરી નામે પુત્રી થઈ છે. પૂર્વ ભવમાં જ્ઞાનની વિરાધના

કરવાથી તે આ ભવમાં મૂંગી અને રોગી થઈ છે. માટે જ કહ્યું છે કે, કરેલાં કર્મોનો ભોગવ્યા સિવાય નાશ થતો નથી.'

ગુરૂનો ઉપદેશ સાંભળી ગુણમંજરીને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી તેણે ગુરૂએ કહ્યા પ્રમાણેનો પોતાનો પૂર્વભવ જોયો. તેથી ગુરૂને કહ્યું કે 'હે ગુરૂજી ! તમારૂં કહેવું સાચું છે. ત્યાર પછી શેઠે ગુરૂને પૂછ્યું કે, 'મારી પુત્રી નીરોગી થાય તેવો કોઈ ઉપાય જણાવો.' ત્યારે ગુરૂએ કહ્યું કે, 'જ્ઞાનની આરાધનાથી સુખની પ્રાપ્તિ અને દુઃખનો નાશ થાય છે. માટે આ જ્ઞાનપંચમી અથવા સૌભાગ્યપંચમીની આરાધના કરવાથી તેના રોગો નાશ પામશે અને સુખી થશે. આ પર્વની આરાધના આ પ્રમાણે કરવી :-

'કારતક માસની સુદ પંચમીએ વિધિપૂર્વક ઉપવાસ કરવો. ઉંચા આસને પુસ્તકાદિ જ્ઞાનને સ્થાપન કરી તેની સુગંધીદાર પુષ્પો તથા વાસક્ષેપથી પૂજા કરવી. ધૂપ કરવો. પાંચ દિવેટનો દીપક કરવો. પાંચ વર્ણના ધાન્ય, પાંચ પ્રકારના પકવાન્ન તથા પાંચ જાતિનાં ફળો મૂકીને એકાવન સાથીઆ કરવા. 'નમો નાણસ્સ' એ પદની ૨૦ નવકારવાળી ગણવી. જ્ઞાનનું ચૈત્યવંદન કરવું. તથા જ્ઞાનની આરાધના માટે ૫૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. આ પ્રમાણે જાવજ્જીવ સુધી કારતક સુદી પાંચમની આરાધના કરવી. બીજી રીત એવી પણ છે કે કારતક સુદ પાંચમથી આરંભી દરેક માસની સુદ પાંચમે ઉપરની વિધિ કરવી. એ પ્રમાણે પાંચ વરસ અને પંચ માસ કરે તો આ તપ પૂરો થાય. આ દિવસે પૌષધ કર્યો હોય તો પારણાને દિવસે વિધિ કરવી. તપ પૂરો થાય ત્યારે યથાશક્તિ પાંચ જ્ઞાનનું ઉદ્યાપન (ઉજમણું)

કરવું.’ ગુરૂનાં વચન સાંભળી ગુણમંજરીએ જ્ઞાનપંચમીનું આરાધન કરવાનું ગુરૂ પાસે સ્વીકાર્યું અને તેણે ત્યારપછી તેનું વિધિપૂર્વક પાલન કર્યું.

તે વખતે અજિતસેન રાજાએ પણ ગુરૂ મહારાજને પૂછ્યું કે ‘હે ગુરૂ મહારજ ! આ મારો પુત્ર વરદત્ત એક અક્ષર પણ ભણી શકતો નથી તથા કોઢના રોગથી પીડા પામે છે તેનું શું કારણ હશે ? તે કૃપા કરી જણાવો.’ ગુરૂ મહારાજે પણ કહ્યું કે હે રાજન્ ! તમારા પુત્રની આવી દશા શાથી થઈ તે માટે તેનો પૂર્વ ભવ સાંભળો :-

‘આ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં શ્રીપુર નામે નગરમાં વસુદેવ નામે શેઠ રહેતા હતા. તેને વસુસાર અને વસુદેવ નામે બે પુત્રો હતા. યુવાવસ્થામાં આવેલા તે બંને એકવાર ક્રીડા કરવાને વનમાં ગયા. ત્યાં શ્રીમુનિસુંદર નામના સૂરીશ્વરને જોઈને તે બંનેએ તેમને વંદન કર્યું. ગુરુએ પણ તેમને ધર્મોપદેશ આપ્યો. તેમાં આ ઔદારિક શરીરની નશ્વરતા (નાશ પામવાપણું) જણાવી, આવી નાશ પામનારી કાયાથી ધર્મ સાધી લેવો તેજ એક સાર છે.’

‘ગુરૂની દેશનાથી બોધ પામીને તે બંને ભાઈઓએ આજ્ઞા લઈ ચારિત્ર ગ્રહણ કર્યું. તેમાં નાના ભાઈ વસુદેવ બુદ્ધિશાળી હોવાથી ચારિત્રનું સુંદર રીતે પાલન કરતાં ઘણા સિદ્ધાન્તના પારગામી થયા. યોગ્ય જાણીને ગુરૂએ પણ તેમને આચાર્યપદ આપ્યું. વસુદેવસૂરિ દરરોજ પાંચસો સાધુઓને વાચના આપતા હતા.

‘એક વખત વસુદેવસૂરિ સંથારામાં સૂતા હતા. તે વખતે

એક સાધુ આગમનો અર્થ પૂછવા આવ્યા. તેમણે તેનો અર્થ જલદી સમજાવ્યો. તે મુનિના ગયા પછી બીજા મુનિ સંદેહ પૂછવા આવ્યા. તેમનું સમાધાન કર્યું તેવામાં ત્રીજા સાધુ આવ્યા. એ પ્રમાણે અનેક સાધુઓ આવ્યા ને પૂછીને ગયા.

આથી કંટાળેલા ગુરૂના મનમાં એવો કુવિકલ્પ આવ્યો કે મારો મોટો ભાઈ કાંઈ ભણ્યો નથી તેથી તે કૃતાર્થ અને સુખી છે. તેને નિરાંતે ઉંઘવાનું મળે છે. તે મૂર્ખ હોવાથી તેને કોઈ પૂછતું નથી, તેથી કોઈ પ્રકારની માથોફોડ તેમને નથી. તે મરજી મુજબ ખાય છે અને ચિત્તથી શાંતિમાં રહે છે; આવું મૂર્ખાપણું મને પણ મળે તો ઘણું સારૂં, કારણ કે મૂર્ખપણામાં મુખ્ય આઠ ગુણો રહેલા છે :- મૂર્ખ ૧ નિશ્ચિત હોય છે. ૨ ઘણું ખાઈ શકે છે. ૩ લજ્જા રહિત મનવાળો હોય છે. ૪ રાત દિવસ સૂઈ રહે છે. ૫ કાર્યાકાર્યની વિચારણામાં આંધળો અને બહેરો હોય છે. ૬ માન અને અપમાનમાં સમાન હોય છે. ૭ રોગ રહિત હોય છે. ૮ મજબૂત શરીરવાળો હોય છે.'

'આવું વિચારીને મનમાં નક્કી કર્યું કે, હવેથી કોઈને ભણાવીશ નહિ. પૂર્વનું ભણેલું ભૂલી જઈશ. નવું ભણીશ નહિ. ત્યાર પછી બાર દિવસ મૌન રહ્યા. આ પ્રકારના રૌદ્રધ્યાનમાં પાપની આલોચના કર્યા સિવાય મરીને તે વસુદેવ સૂરિ તમારા પુત્ર થયા છે. પૂર્વભવમાં બાંધેલ તીવ્રજ્ઞાનાવરણીય કર્મના ઉદયથી તે અત્યંત મૂર્ખ અને કુષ્ટ રોગી થયેલ છે. મોટો ભાઈ વસુસાર મરીને માનસ સરોવરમાં હંસ થયો છે. કર્મની વિચિત્ર ગતિ છે.'

ઉપર પ્રમાણેનાં ગુરૂનાં પોતાના પૂર્વ ભવને જણાવનારાં વચનો સાંભળીને વરદત્ત કુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું. ક્ષણ માત્ર મૂર્છા પામીને સ્વસ્થ થઈને કુમારે ગુરૂને કહ્યું કે આપનું વચન સત્ય છે.

રાજાએ ગુરૂને પૂછ્યું કે, 'આ કુમારના શરીરના રોગો ક્યારે નાશ પામશે ? અને અમને શાંતિ ક્યારે મળશે તે કૃપા કરીને જણાવો.' ત્યારે દયાળુ ગુરૂ મહારાજે કહ્યું કે તપના પ્રભાવથી રોગો નાશ પામશે અને સંપત્તિની પ્રાપ્તિ થશે. કારણ કે કહ્યું છે કે 'તપના પ્રભાવથી જે દૂર હોય, જે દુઃખે આરાધાય તેવું હોય તે સઘળું તપ વડે સાધ્ય બને છે.' ગુરૂએ વરદત્ત કુમારને પણ જ્ઞાનપંચમીનું તપ કરવાનું કહ્યું. કુમારે પણ તે તપ કરવાનું ગુરૂ પાસે અંગીકાર કર્યું. રાજા-રાણી અને બીજા લોકોએ પણ તે તપ કરવાનું અંગીકાર કર્યું ત્યાર પછી સર્વ સ્વસ્થાને ગયા.

વિધિપૂર્વક પંચમીનું તપ કરતાં કુમારના સર્વે રોગો નાશ પામ્યા. શરીર સુંદર થયું. જ્ઞાનાવરણીય કર્મનો સારો ક્ષયોપશમ થવાથી તે સઘળી કળા શીખ્યો. તથા અનેક રાજકન્યાઓ પરણ્યો. રાજાએ વરદત્તને રાજ્ય સોંપી ચારિત્ર લીધું. વરદત્તે પણ લાંબો કાળ રાજ્યનું પાલન કર્યું. દરેક વર્ષે ઉત્સાહપૂર્વક વિધિ સાથે પંચમીનું આરાધન કરતાં છેવટે પુત્રને રાજ્ય સોંપી વરદત્ત કુમારે પણી દીક્ષા લીધી.

આ તરફ ગુણમંજરીના મહારોગો પણ તપના પ્રભાવથી ચાલ્યા ગયા, તેથી તે અતિ રૂપવતી થઈ. તે મોટા ઉત્સવપૂર્વક જિનચન્દ્ર સાથે પરણી. તેણે પણ તપનું આરાધન

કરી લાંબો કાળ ગૃહનું સુખ ભોગવી ચારિત્ર ગ્રહણ કર્યું. એ પ્રમાણે વરદત્તે તથા ગુણમંજરીએ ચારિત્રનું અતિચાર રહિત લાંબા કાળ સુધી આરાધન કર્યું. અંતે કાળ કરીને તે બંને વૈજયન્ત નામના અનુત્તરવાસી વિમાનમાં દેવ થયા.

ત્યાંથી આયુષ્ય પુરું કરીને ચ્યવીને વરદત્તનો જીવ જંબુદ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી વિજયમાં પુંડરિકિણી નગરીમાં અમરસેન રાજાની ગુણવતી રાણીની કૂખને વિષે પુત્રપણે ઉત્પન્ન થયો. પૂર્ણ કાલે ઉત્તમ લક્ષણવાળા પુત્રને રાણીએ જન્મ આપ્યો. તેનું શૂરસેન નામ પાડ્યું. અનુક્રમે સર્વ કળા ભણીને યુવાવસ્થાને પામ્યો. અનેક કન્યાઓ પરણ્યો. ત્યાર પછી પિતા પુત્રને રાજ્ય સોંપીને પરલોકમાં ગયા. શ્રી સીમન્ધરસ્વામી વિહાર કરતાં એક વાર તે નગરમાં સમોસર્યા. પ્રભુનું આગમન સાંભળીને રાજા વંદન કરવા ગયા. વાંદીને બેઠા તે વખતે શ્રી જિનેશ્વરદેવે ઉપદેશ આપતાં જણાવ્યું કે, 'હે ભવ્ય જીવો ! તમો જ્ઞાનપંચમીની આરાધના વરદત્તની જેમ વિધિપૂર્વક કરો. પ્રભુનાં વચન સાંભળી રાજાએ વરદત્તનો વૃત્તાંત પૂછ્યો, તે વખતે પ્રભુએ વરદત્તનો (શૂરસેનના પૂર્વભવનો) સર્વ વૃત્તાંત કહીને જ્ઞાનપંચમીનું વિશેષ માહાત્મ્ય જણાવ્યું. તેથી ઘણા લોકોએ પંચમીનું તપ અંગીકાર કર્યું. શૂરસેન રાજાએ પણ દશ હજાર વર્ષ સુધી રાજ્ય સુખ ભોગવીને અનેક પુણ્ય કાર્યો કરીને પ્રભુ પાસે દીક્ષા લીધી. એક હજાર વર્ષ ચારિત્ર પાળીને કેવલજ્ઞાન પામી તેઓ મોક્ષે ગયા.

હવે દેવલોકમાં ગયેલા ગુણમંજરીનો જીવ આયુષ્ય પૂર્ણ થયે ત્યાંથી ચ્યવીને જંબુદ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં ઉમા

નામની વિજયમાં શુભા નામની નગરીમાં અમરસિંહ રાજાની અમરાવતી રાણીની કુક્ષીમાં પુત્રપણે ઉત્પન્ન થયો. યોગ્ય સમયે જન્મેલા તે પુત્રનું સુગ્રીવ નામ પાડ્યું. વીસ વર્ષની ઉંમર થયે સુગ્રીવને રાજ્ય સોંપી પિતાએ દીક્ષા લીધી. સુગ્રીવ રાજા ઘણી રાજકન્યાઓ પરણ્યા. તેમને અનેક પુત્રો થયા, તેમાં મોટા પુત્રને ગાદીએ બેસાડી તેમણે દીક્ષા લીધી. કેવલજ્ઞાન પામી ભવ્ય જીવોને બોધ પમાડતાં એક લાખ પૂર્વ સુધી ચારિત્ર પાળી સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષે ગયા.

એ પ્રમાણે વરદત્ત અને ગુણમંજરી બંને જણા જ્ઞાનપંચમીની આરાધના કરીને મોક્ષે ગયા. આ જ્ઞાનપંચમીની આરાધનાથી સૌભાગ્યની વૃદ્ધિ થતી હોવાથી એને સૌભાગ્યપંચમી પણ કહે છે. આ બંનેની બોધદાયક કથા વાંચીને ભવ્ય જીવો જ્ઞાનપંચમીની આરાધનમાં ઉદ્યમી બનો !!

## જ્ઞાન પંચમીની વિધિ

આ તપ કારતક શુદ ૫ થી શરૂ કરી પાંચ વર્ષ પાંચ માસની દરેક શુકલ પંચમીએ ઉપવાસ અથવા એકાસણા વડે પણ થાય છે.

'ૐ હ્રીँ નમો નાણસ્સ' પદની ૨૦ નવકારવાળી સા. ૫૧, (૫) ખમાસણા - ૫૧, (૫) કાઉસ્સગ ૫૧ (૫).

## * શ્રી પોષ દશમી તપ *

હિંદી પોસ વદ ૧૦ અને ગુજરાતી માગશર વદ ૧૦ ને દિવસે આ તપની શરૂઆત થાય છે.

શ્રેણિક મહારાજાએ રાજગૃહીના ઉદ્યાનમાં ભગવંત મહાવીર સ્વામીને પ્રશ્ન કર્યો કે - ભગવંત ! પોસ માસમાં કયો દિવસ ઉત્તમ ગણાય.

ભગવતે કહ્યું કે - પોસ દશમનો દિવસ ઉત્તમ દિવસ છે. શ્રેણિક મહારાજાએ પુનઃ પૂછ્યું કે તેનું કારણ શું ? તેમજ તે દિવસના આરાધનથી કોને કેવું ફળ પ્રાપ્ત થયું ?

ભગવંત શ્રી મહાવીર દેવે શ્રેણિક રાજાને જણાવ્યું કે - પોસ દશમ એ મારા પુરોગામી તેવીશમાં તીર્થંકર પાર્શ્વનાથ ભગવંતનો જન્મદિન છે, તે કારણે તેનું અતિ માહાત્મ્ય છે. તે દિવસના આરાધનથી સુરદત્ત શ્રેષ્ઠીને ગયેલી ઋદ્ધિ સાંપડી અને છેવટે સિદ્ધિગતિ પ્રાપ્ત કરશે. આ સંબંધી સંક્ષિપ્ત વૃત્તાંત નીચે પ્રમાણે છે.

વાણારસી (કાશી) નગરીમાં અશ્વસેન રાજાની વામા રાણીની કૂખે ચૌદ સ્વપ્નથી સૂચિત શ્રી પાર્શ્વનાથનો પોશ વદિ દશમના રોજ જન્મ થયો. તેઓશ્રીના જન્મથી રાજ્યમાં સર્વત્ર આનંદ પ્રસર્યો. અશ્વસેન રાજાએ દીન-યાચક જનોને સારા પ્રમાણમાં દાન આપી સંતોષિત કર્યા.

કુશળસ્થળના પ્રસેનજિત રાજાને પ્રભાવતી નામની સર્વગુણ સંપન્ન અને અપૂર્વ લાવણ્યવતી રાજકુમારી હતી. કલિંગ દેશના યવન રાજાએ પ્રભાવતીને પ્રાપ્ત કરવા માટે કુશળસ્થળને ઘેરો ઘાલ્યો. પ્રસેનજિત રાજવીએ અશ્વસેન રાજવીની સહાય માગી. પિતાશ્રીને અટકાવી શ્રી પાર્શ્વનાથ ભગવંત પોતે કુશળસ્થળ ગયા. તેમના આગમન માત્રથી જ યવન રાજલી ચાલ્યો ગયો. પ્રસેનજિતે પાર્શ્વનાથ ભગવંત

સાથે પ્રભાવતીના મહોત્સવપૂર્વક લગ્ન કર્યા.

એકદા ભગવંત શ્રી પાર્શ્વનાથ ઝરુખામાં બેસી નગરચર્યા નિહાળી રહ્યા હતા તેવામાં ઘણા લોકોને આનંદપૂર્વક વિવિધ સામગ્રી લઈને જતાં નિહાળ્યા. તપાસને અંતે જણાયું કે - કમઠ નામનો યોગી ઉદ્યાનમાં આવેલ છે. તે પંચાગ્નિ તપ કરે છે, તેથી લોકો તેના વંદન-પૂજનાર્થે જઈ રહ્યા છે. ભગવંતે આ મિથ્યાત્વી ક્રિયા જાણી લોકોને સન્માર્ગે લાવવા વિચાર્યું. ત્રણ જ્ઞાનવાળા પરમાત્માને શું અજાણ્યું હોય ?

તેઓ રાજસવારી સાથે કમઠ યોગી પાસે પધાર્યા. તે વખતે યોગી પાસે પંચાગ્નિ પ્રજવલતો હતો. લાકડાની મધ્યમાં સર્પ પણ બળી રહ્યો હતો; તે ભગવંતના ખ્યાલ બહાર કેમ જાય ? લોકોને આકર્ષવા માત્રમાં સત્ય ધર્મ નથી. સદ્ધર્મ તો શુદ્ધ નિષ્કલંક આચરણ અને વ્યવહારમાં જ રહેલો છે, તે દર્શાવવા પરમાત્માએ સળગી રહેલા કાષ્ઠને પોતાના સેવક મારફત ફડાવ્યું તો તેમાં અર્ધદગ્ધ થયેલો સર્પ સૌ કોઈના જોવામાં આવ્યો. સર્પ મૃત્યુનો મહેમાન બની રહ્યો હતો. પરમાત્માએ સેવક મારફત તેને નવકાર-મંત્રનું શ્રવણ કરાવ્યું, જેના પ્રભાવથી મૃત્યુ પામી સર્પ ધરણેંદ્ર તરીકે ઉપજ્યો.

કમઠના અજ્ઞાન તપ-કષ્ટથી તેનાથી વિમુખ થયા. કમઠને પોતાના પરાભવથી પાર્શ્વકુમાર પર દ્વેષ ઉપજ્યો, પરંતુ તેવી સ્થિતિમાં તે તેમનું કંઈ અહિત કરી શકે તેમ ન હતો. કાળયોગે મૃત્યુ પામી કમઠ મેઘમાલી દેવ તરીકે ઊપજ્યો.

વસંતઋતુના અગમનથી પાર્શ્વકુમાર પ્રભાવતી દેવી સાથે ક્રીડાર્થે ગયા. ત્યાં જિનમંદિર નીહાળતાં તેમાં પ્રવેશ કર્યો. જિનમંદિરની ભીંત પર પોતાના પુરોગામી બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવંતે પોતાની પત્ની રાજીમતીનો, લગ્ન કર્યા પૂર્વે જે ત્યાગ કર્યો હતો તે સંબંધી ચિત્રો નજરે ચડયાં. પરમાત્માને નિમિત્ત મળી ગયું. સંસાર 'ત્યાગ કરવાની મનોભાવના થઈ, તેવામાં લોકાંતિક દેવોએ આવીને 'ધર્મ પ્રવર્તાવવા' માટે પ્રભુને પ્રાર્થના કરી.

સંવત્સરી દાન આપી પરમાત્માએ માગશર વદ ૧૧ ના રોજ પારમેશ્વરી પ્રવજ્યા ગ્રહણ કરી. દીક્ષા બાદ 'કાદંબરી' અટવીમાં સુંઢદ્વારા પ્રભુને સ્નાનાભિષેક કર્યો. તે સ્થળ 'કલિકુંડ' તીર્થ તરીકે પ્રસિદ્ધિ પામ્યું.

બાદ કૌત્સુભ વનમાં આવતાં પરમાત્માના દેહ પર ધરણેંદ્રે પોતાની ફણા પ્રસારી, એટલે તે સ્થળે સ્મૃતિ તરીકે અહિચ્છત્રા નામની નગરી વસી.

મેઘમાળી દેવે પોતાનું પૂર્વનું વૈર વાળવા માટે શ્રી પાર્શ્વપ્રભુ કાયોત્સર્ગ ધ્યાનમાં ઊભા હતા તે સમયે વિવિધ ઉપસર્ગો કર્યા, પરન્તુ મેરુપર્વત શું પ્રચંડ વાયુથી પણ કંપાયમાન થાય ? પરમાત્માને નિશ્ચળ જાણી મેઘમાલી દેવે અખંડ ધારાએ વૃષ્ટિ શરૂ કરી. નદી-નાળાં ઉભરાઈ ગયા, જમીન પર જાણે પાણી સમાતું ન હોય તેવો દેખાવ થઈ રહ્યો. સાત અહોરાત્રિ પર્યંત મુશળધાર વૃષ્ટિ થવાથી પરામાત્માની નાસિકા પર્યંત જળ આવી લાગ્યું તેવામાં ધરણેંદ્રનું આસન કંપાયમાન થયું. અવધિજ્ઞાનથી મેઘમાલી

દેવનું આ દુષ્કૃત્ય જાણી વેગપૂર્વક પરમાત્મા પાસે આવી, વિજ્ઞપ્તિ કરી તેમના પર પોતાની ફણાનું છત્ર કર્યું. ધરણેંદ્રે મેઘમાલી દેવને તેના દુષ્કૃત્ય માટે ઉપાલંભ આપ્યો. મેઘમાલી પણ પરમાત્માની નિશ્ચલતા અને સમભાવ પાસે પોતાનો પરાભવ સ્વીકારી, પરમાત્માને નમી, ખમાવીને ચાલ્યો ગયો. ધરણેંદ્ર પણ પરમાત્માની પ્રાર્થના કરી સ્વસ્થાને ગયો.

પરમાત્મા ત્યાંથી વિહાર કરી આશ્રમપદ ઉદ્યાનમાં આવ્યા અને ચૈત્ર વદ ચોથને દિવસે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. અનેક ભવ્ય જીવોને પ્રતિબોધી, પોતાનો નિર્વાણસમય નજીક જાણી શ્રી સમેતશિખર પર પધાર્યા. ૭૦ વર્ષ દીક્ષિત જીવન અને ૩૦ વર્ષ ગૃહસ્થજીવન - કુલ એકસો વર્ષનું આયુષ્ય ભોગવી, શ્રી સમેતશિખર પર તેત્રીસ મુનિવરો સાથે એકમાસના અનશનપૂર્વક નિર્વાણ પામ્યા.

શ્રી પાર્શ્વનાથ ભગવંતનું આદેયનામકર્મ અતિશય હતું તેથી તેઓ સર્વત્ર વિશેષ પૂજન તેમજ આદરને પાત્ર બન્યા છે.

સુરેન્દ્રપુર નગરમાં નરસિંહ રાજાને ગુણસુંદરી રાણી હતી. તે જ નગરમાં સુરદત્ત શ્રેષ્ઠીને શીલવતી નામની પત્ની હતી. શ્રેષ્ઠીને અઢળક ધન હતું પણ મિથ્યાત્વથી વાસિત હતા.

એક વખત માલના અઢીસો વહાણ ભરીને રત્નદ્વીપે મોકલ્યા. ક્રયવિક્રય કરતાં ઘણો નફો મળ્યો. બીજાં કરીયાણાં ભરી વહાણો પાછા ફરતાં હતાં તેવામાં સમુદ્રમાં વાવંટોળ ઉત્પન્ન થયો અને તે બધા વહાણો કાળકૂટ દ્વીપે જઈ ચઢયા.

વહાણો પાછા ન ફર્યા પરંતુ ઘરમાં નિધાનરૂપે રાખેલ અગિયાર ક્રોડ સોનૈયા પણ કોલસામાં ફેરવાઈ ગયા, પાંચસો ગાડાં માલ ભરીને આવતા હતા તેને લૂંટારાઓ લૂંટી ગયા આ પ્રમાણે અણધારી ઉપાધીથી એક વખતનો સર્વશ્રેષ્ઠ શ્રીમંત સુરદત્ત શ્રેષ્ઠી રંક બની ગયો. ધન ચાલ્યાં જતાં નગરશેઠ તરીકેના માન-મરતબો પણ ચલ્યો ગયો. જેનો પડ્યો બોલ ઝીલી લેવામાં આવતો હતો ત્યાં તેમની સામે નજર નાખનાર પણ કોઈ ન રહ્યું.

કાળયોગે દેવેન્દ્રસૂરિ તે નગરમાં પધાર્યા. નરસિંહ રાજવી દબદબાપૂર્વક વંદનાર્થે ગયો. સુરદત્ત શ્રેષ્ઠી પણ દેખાદેખીથી ગયો. સૂરિ મહારાજની દેશના સાંભળવાથી તેના હૃદયમાં અપૂર્વ શાંતિ પ્રસરી. દેશના બાદ સૌના ચાલ્યા જવા પછી એકાંતમાં તેણે ગુરુમહારાજને જીવનું સ્વરૂપ પૂછ્યું. ગુરુમહારાજે તેને જીવ સંબંધી સર્વસ્વરૂપ સમજાવી, તપશ્ચર્યાનો મહિમા પણ દર્શાવ્યો. સુરદત્ત શ્રેષ્ઠીએ ગુરુમહારાજની સૂચનાથી 'પોસદસમ' ની આરાધના શરૂ કરી. આરાધનાને માત્ર દશ મહિના વીત્યાં ત્યાં તો અઢીસો વહાણો માલ સાથે સહીસલામત પાછા આવ્યાં. ઘરમાં દાટેલું નિધાન પ્રગટ થયું અને આનંદ પ્રસર્યો. 'પોસદસમી' નો આ પ્રભાવ જાણી સુરદત્ત શ્રેષ્ઠીએ સવિશેષપણે આરાધના શરૂ કરી. નગરશેઠની પદવી પણ પુનઃ પ્રાપ્ત થઈ.

શેઠને દશ પુત્રો થાય. શેઠે પોસદશમીનું સારી રીતે ઉદ્યાપન કર્યું. પ્રાંતે ગુરુમહારાજ પાસે દીક્ષા ગ્રહણ કરી. છટ્ઠ-અટ્ઠમની તપશ્ચર્યા કરતાં છેવટે કાળધર્મ પામી દશમા દેવલોક ઉત્પન્ન થયા. ત્યાં વીશ સાગરોપમનું આયુષ્ય

ભોગવી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી વિજયને વિષે મંગલાવતી નગરીમાં સિંહસેન રાજવીની ગુણસુંદરી નામની પટ્ટરાણીની કૂખે જયસેન પુત્ર તરીકે જન્મશે. કેવલજ્ઞાન પ્રાપ્ત કરી પ્રાંતે સિદ્ધગતિ પ્રાપ્ત કરશે.

ભગવંત મહાવીરના મુખથી પોસદશમીનો આવો અચિન્ત્ય પ્રભાવ જાણી શ્રેણિક મહારાજાએ તે પવિત્ર દિનની અતિ પ્રશંસા કરી.)

## શ્રી પોષદશમી તપની વિધિ

આ તપ પોસ દશમી એટલે ગુજરાતી માગશર વદ દશમના દિવસને અનુસરીને થાય છે. તેમાં પ્રથમ નવમીને દિવસે સાકરના પાણીનું એકાસણું કરવું ને ઠામ ચોવિહાર કરવો. દશમીને દિવસે ખીરનું એકાસણું કરી ઠામ ચોવિહાર કરવો તથા અગિયારશને દિવસે તિવિહારું એકાસણું કરવું. એકાસણું કરીને ત્રિવિધ આહારનું પચ્ચક્ખાણ કરવું. ત્રણે દિવસ બ્રહ્મચર્ય પાળવું બન્ને વખત પ્રતિક્રમણ કરવું. જિનમંદિરમાં જઈ અષ્ટપ્રકારી અથવા સત્તરપ્રકારી પૂજા ભણાવવી. સ્નાત્ર મહોત્સવ કરવો. નવ અંગે આડંબર પૂર્વક ભગવાનની પૂજા કરવી. ગુરુ પાસે આવી સિદ્ધાંતનું શ્રવણ કરવું. આ પ્રમાણે દશ વર્ષ સુધી કરવું. વળી તપને દિવસે (માગશર વદિ ૧૦ મે) પૌષધ કરવો. આ પ્રમાણે જે તપ કરે છે તેની મનઃકામના સિદ્ધ થાય છે. (આ લોકમાં ધન-ધાન્યાદિક પામે, પરલોકમાં ઈંદ્રાદિક પદ પામે અને છેવટે મોક્ષ પદ પામે.) 'શ્રી પાર્શ્વનાથાર્હતે નમઃ' એ પદનું ગરણું વીશ નવકારવાળી પ્રમાણે ગણવું. સાથીયા વિગેરે બાર બાર કરવા.

ઉદ્યાપને દશ પૂંઠા, દશ રૂમાલ (પુસ્તક બાંધવાના), દશ નવકારવાલી, દશ નીલમણિ, દશ ચંદરવા, સોનું, રૂપું, કાંસુ, પીત્તલ એ ચાર ધાતુઓની દશ દશ પ્રતિમા અને જ્ઞાન, દર્શન ને ચારિત્રના ઉપકરણે દશ દશ કરાવવા. બાકી વિધિ ગુરુગમથી જાણવો.

## * શ્રી મૌન એકાદશી તપ વિધિ *

આ તપ માગશર સુદ ૧૧ (મૌન એકાદશી) ના દિવસથી શરૂ કરવો. તે દિવસે ઉપવાસ કરવો. (વ્યવહાર કાર્યોમાં) મૌનપણે રહેવું. શ્રી મહાયશસસર્વજ્ઞાય નમઃ ની ૨૦ નવકારવાળી ગણવી. આ તપ ૧૧ વર્ષ અને ૧૧ માસ સુધી સુદ ૧૧નો ઉપવાસ કરી આરાધવો. સાથીયા, ખમા૦ વગેરે અગીઆર કરવા. આ ન બને તો છેવટે મૌન એકાદશીનો દર વર્ષે ઉપવાસ તથા પૌષધ કરવા ચૂકવું નહિ. તે દિને દોઢસો કલ્યાણકનું ગણણું ગણવું.

## * શ્રી મેરુ ત્રયોદશી તપની વિધિ *

આ તપનો ગુજરાતી માસ પ્રમાણે પોષ વદ તેરસને દિવસે આરંભ કરાય છે. તે દિવસે શ્રી ઋષભદેવસ્વામીનું નિર્વાણ કલ્યાણક થયું છે, તેથી એ દિવસનું મહાત્મ્ય ઘણું મોટું છે. તે દિવસે ચઉવિહાર ઉપવાસ કરવો. (શક્તિ ન હોય તો તિવિહાર કરવો) રત્નના પાંચ મેરુ કરવા, તેમાં ચાર દિશાએ ચાર નાના મેરુ કરવા. રત્નના ન બને તો ઘીના કરવા. તેની પાસે ચાર દિશાએ ચાર નંદાવર્ત કરવા. દીપ, ધૂપ પ્રમુખ ઘણા પ્રકારની પૂજા કરવી. એ રીતે તેર મહિનાની

અથવા તેર વરસની ત્રયોદશી કરવી. 'શ્રી ઋષભદેવ પારંગતાય નમઃ' એ પદનું ગરણું નવકારવાળી વીશનું ગણવું. આ રીતે મહિને મહિને કરવાથી સર્વ કર્મનો ક્ષય થાય છે. આ ભવ તથા પરભવને વિષે સુખસંપદા પામે છે. તે તપને દિવસે પૌષધ કરવો. પારણાને દિવસે ગુરૂ પ્રતિલાભી-અતિથિસંવિભાગ કરી પારણું કરવું. સાથીયા વિગેરે બાર બાર કરવા. (સા. ૧૨, ખ. ૧૨, કા. ૧૨)

## * ચૌમાસીની કથા *

વર્ષની આદિમાં કારતક માસમાં આવતા જ્ઞાનપંચમી પર્વની કથા આગળ જણાવ્યા મુજબ કહી. ત્યાર પછી કારતક માસમાં સુદ ચૌદસે ચૌમાસી ચતુર્દશી (ચૌદશ) આવે છે. માટે હવે ચૌમાસી દેવવંદન કહેવાનો અવસર હોવાથી શરૂઆતમાં ચૌમાસીની કથાનો સાર ટૂંકાણમાં કહું છું.

વર્ષમાં ત્રણ ચૌમાસી આવે છે. કારતકી ચૌમાસી, ફાગુણ ચૌમાસી અને આષાઢ ચૌમાસી, ત્રણ ચૌમાસીમાં પણ આષાઢ ચૌમાસીમાં વ્રતધારી શ્રાવક જેણે બાર વ્રત ગ્રહણ કર્યાં હોય તેમાં પાંચમું વ્રત અંગીકાર કર્યું હોય તેણે દરેક ચૌમાસીમાં તેના નિયમોનો સંક્ષેપ કરવો. જેણે તે વ્રત અંગીકાર ન કર્યું હોય તેવા શ્રાવકે પણ દર ચૌમાસીમાં અમુક અભિગ્રહો સ્વીકારવા જોઈએ. તેમાં પણ આષાઢ ચૌમાસામાં (વર્ષા ચાતુર્માસીમાં) વિશેષતાથી વિધિપૂર્વક ગ્રહણ કરવાં જોઈએ.

વર્ષાઋતુમાં હળથી ખેતર ખેડવું, ગાડાં ચલાવવાં વગેરેનો

ત્યાગ કરવો, કારણ કે આ ચૌમાસીમાં વર્ષાદને લીધે અનેક વનસ્પતિઓ તથા અનેક પ્રકારના વિકલેન્દ્રિય જીવો તથા દેડકાં વગેરે પંચન્દ્રિય જીવોની ઉત્પત્તિ થાય છે તેથી ઉપરની ક્રિયાઓથી ઘણી જીવહિંસા થાય છે. આજીવિકા નિમિત્તે ખેતીનો ત્યાગ ન બને તો પણ એકાદ ખેતરથી અધિક ખેતર ન ખેડવાનો નિયમ કરવો. આ કાળમાં સર્વ દિશાઓમાં જવાનો નિષેધ કર્યો છે. કહ્યું છે કે, 'વર્ષાઋતુમાં સર્વ જીવોની દયા માટે એક સ્થાને રહેવું.'

પ્રથમ બાવીસમાં શ્રીનેમિનાથના ઉપદેશથી કૃષ્ણ મહારાજાએ ચૌમાસીમાં દ્વારકાની બહાર નહી નીકળવાનો નિયમ ગ્રહણ કર્યો હતો. તેવી જ રીતે કલિકાલ સર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજીની પાસે ગુર્જરેશ્વર કુમારપાળે પણ આષાઢ ચોમાસામાં નગર બહાર નહિ જવાનો નિયમ લીધો હતો. તેનો ટૂંક સાર આ પ્રમાણે :-

## આષાઢ ચોમાસામાં સંકટ આવ્યા છતાં વ્રત નહિ મૂકનાર કુમારપાળ નરેશની કથાનો સાર

એક વાર પાટણ નગરમાં ચોમાસું રહેલા શ્રીહેમચંદ્રસૂરીશ્વરે કુમારપાળ રાજાની આગળ છટ્ઠા દિગ્પરિમાણ વ્રતનું વર્ણન કરતાં જણાવ્યું કે વિવેકી પુરૂષોએ જીવદયાના પાલન માટે છઠ્ઠા વ્રતનું ગ્રહણ કરવું જોઈએ, તેમા પણ વર્ષા ઋતુમાં તો અવશ્ય ગ્રહણ કરવું જોઈએ. ગુરૂનાં વચન સાંભળીને કુમારપાળ ભૂપાળે પણ ગુરૂ પાસે નિયમ ગ્રહણ કર્યો કે નગરમાં સર્વ ચૈત્યોને વંદન કરવા સિવાય નગરમાં પણ ચોમાસાની અંદર હું ફરીશ નહિ.

કુમારપાળે ગ્રહણ કરેલ નિયમની વાત બધે ફેલાઈ ગઈ. તે અભિગ્રહની તથા ગુજરાતની સમૃદ્ધિની વાત ગુપ્તચરના મુખથી સાંભળીને ગઝનીના રાજાએ ગુજરાત દેશ જીતવાનો સારો લાગ છે એવું જાણીને ગુજરાત તરફ પ્રયાણ કર્યું. પોતાના ચરના મુખથી આ હકીકતને જાણીને ચિન્તાતુર રાજા પ્રધાનને સાથે લઈને ગુરૂ પાસે આવ્યો. ગુરૂને વંદન કરીને હકીકત જણાવીને કહ્યું કે 'જો હું તેની સામે જતો નથી તો તે દેશને લૂંટશે. તેથી લોકોને પીડા થશે. તેમજ ધર્મની નિંદા થશે. ને સામે જાઉં તો નિયમનો ભંગ થાય છે.'

રાજાનાં વચન સાંભળી ગુરૂએ કહ્યું કે 'તમે લગાર પણ ચિન્તા કરશો નહિ, કારણ કે તમારો આરાધેલો ધર્મ જ તમને સહાય કરશે.' એ પ્રમાણે રાજાને આશ્વાસન આપી પદ્માસન કરીને બેઠેલા ગુરૂ કાંઈક ધ્યાન કરવા લાગ્યા. એક મુહૂર્ત પછી આકાશ માર્ગે સુતેલા મનુષ્ય સાથે એક પલંગ ગુરૂ પાસે આવ્યો. આ પલંગ કોનો છે એવો પ્રશ્ન રાજાએ કર્યો ત્યારે ગુરૂએ સત્ય જણાવ્યું. તેવામાં ઊંઘમાંથી એકદમ જાગેલો તે ગઝનીનો રાજા વિચારવા લાગ્યા કે 'તે મારૂં સ્થાન ક્યાં ? સૈન્ય ક્યાં ? આ ધ્યાન કરનાર કોણ ? આ રાજા કોણ ?' વિચારમાં પડેલા તેને ગુરૂએ કહ્યું કે 'હે શકેશ ! (શક જાતિના લશ્કરનો અધિપતિ હોવાથી) શો વિચાર કરો છો ? પૃથ્વી ઉપર પોતાના ધર્મનું એક છત્રે રાજ્ય કરતા જે રાજાને દેવો પણ સહાય કરે છે તે ધર્માત્મા ગુર્જરેશ્વરના શરણને તમે અંગીકાર કરો.'

સૂરીશ્વરના ઉપરનાં વચનો સાંભળી નિઃસહાય તે ગઝનીપતિએ ભય, ચિન્તા અને લજ્જાથી સૂરીશ્વરને પ્રણામ

કરીને કુમારપાળને પ્રણામ કર્યા. પછી કહ્યું કે 'હે રાજન્ ! મારો અપરાધ ક્ષમા કરો. હવેથી હું તમારી સાથે કાયમની સુલેહ સન્ધિ કરું છું. મારા જીવનનું રક્ષણ કરીને જગજ્જીવપાલક (જગતના જીવોના પાળનાર) એવું તમારૂં બિરૂદ સાચું કરો. પ્રથમ પણ તમારૂં પરાક્રમ મેં સાંભળ્યું હતું, છતાં હું તે ભૂલીને અહીં આવ્યો. હવેથી કદાપિ તમારી આજ્ઞા ઓળંગીશ નહિ. તમારું કલ્યાણ થાઓ. મને મારા સ્થાને પહોંચાડવા કૃપા કરો.'

તે વખતે કુમારપાળ ભૂપાળે કહ્યું કે 'જો છ મહિના સુધી તમારા નગરમાં અમારી (અહિંસા) પળાવો તો તમને છૂટા કરવામાં આવે. આ મારી આજ્ઞા અને ઈચ્છા પ્રાણીઓના રક્ષણ માટે છે. તેના પાલનથી તમારૂં પણ કલ્યાણ થશે.' ગઝનીપતિએ પણ તેમ કરવા કબૂલ કર્યું.

પછી રાજા તેને પોતાના મહેલમાં લઈ ગયો. ત્યાં તેનો સત્કાર કરી જીવદયાની મહત્તા સમજાવી. પોતાના પુરૂષો સાથે કુમારપાળે તેને તેના સ્થાને પહોંચાડ્યો, ત્યાં છ મહિના જીવરક્ષા પળાવીને રાજાના પુરૂષો પણ ગઝનીપતિએ આપેલા ઘણા ઘોડા વગેરે ભેટણા સાથે સ્વસ્થાને આવ્યા.

**ઈતિ કુમારપાળ કથા**

અહીંયા આ બાબતમાં બીજાં પણ દૃષ્ટાંતો ઘણાં આપ્યાં છે. પરંતુ તે બધાં દૃષ્ટાંતો આપવાનો આ પ્રસંગ નથી. ટુંકાણમાં કહેવાનો સાર એ છે કે વર્ષાઋતુમાં સર્વ દિશાઓમાં જવાના ત્યાગનો નિયમ કરવો. પરંતુ તે કરવાની અશક્તિ હોય તો જેટલી દિશાનો ત્યાગ બની શકે તેટલી

દિશામાં જવાનો ત્યાગ કરવો.

વળી ચોમાસામાં સર્વ સચિત્તનો ત્યાગ કરવો. પરંતુ તેમ કરવાને અશક્ત હોય તેણે જે જે સચિત્ત વસ્તુ વિના નિર્વાહ શક્ય હોય તે તે સચિત્તનો ત્યાગ કરવો. વળી જે જે દેશમાં જે જે વસ્તુઓ મળતી જ ન હોય, તેમજ જે જે ઋતુમાં જે જે સચિત્ત વસ્તુ હોતી નથી. તેનો તો અવશ્ય ત્યાગ કરવો જ. કારણ કે તેટલે અંશે પાળેલી વિરતિ પણ મહા ફલદાયી છે, જેમ એક વખત ખાય પરંતુ એકાશનનું પચ્ચખાણ ન કરે તો તેને એકાશનનું ફલ મળતું નથી, તેમ જે જે વસ્તુ મળતી નથી અને તેથી વાપરે નહિ. પરંતુ **નિયમ કર્યો ન હોય તો તેનું ફળ પણ મળતું નથી.** (આ બાબતમાં વંકચૂલનું દૃષ્ટાંત અન્ય ગ્રંથોથી જાણવું.)

વિશેષમાં વર્ષા ચોમાસામાં અષ્ટ પ્રકારી પૂજા, દેવવંદન, સ્નાત્ર મહોત્સવ; ગુરૂને વંદન, નવીન જ્ઞાનાભ્યાસ, બ્રહ્મચર્યનું પાલન, ઉકાળેલું પાણી પીવું તથા સચિત્તનો ત્યાગ કરવો, આટલાં વાનાં અવશ્ય કરવાં. આર્દ્રા નક્ષત્ર બેસે થકે રાયણ તથા કેરીનો ત્યાગ અવશ્ય કરવો. કારણ કે વૃષ્ટિ થવાથી રાયણમાં ઈયળ તથા કેરીના રસમાં તેના રસ સમાન વર્ણવાળા કીટકો ઉત્પન્ન થાય છે. વળી આ વર્ષા ચોમાસીમાં બીજાં પણ પાપકારી કાર્યોનો ત્યાગ કરવો અથવા તેમ ન બને તો તેમાં સંક્ષેપ કરવો.

વિશેષમાં ફાગણ ચોમાસીથી કારતકી પૂર્ણિમા સુધી પાન, ભાજી વગેરે તથા તલનો પણ ત્યાગ કરવો. કારણ કે તેમાં ઘણા ત્રષ જીવની વિરાધનાનો સંભવ છે.

જો કે ત્રણે ચોમાસીઓ યથાયોગ્ય વિધિ વડે આરાધવા યોગ્ય છે તો પણ તેમાં શરૂઆતમાં તિથિઓ જોવી, તિથિઓ ત્રણ પ્રકારે છે. તેમાં બે ચતુર્દશી, બે અષ્ટમી, અમાવસ્યા તથા પૂર્ણિમા એ છ ચારિત્ર તિથિઓ (ચારિત્રને આરાધવા યોગ્ય તિથિઓ) છે. બીજ, પંચમી અને એકાદશી એ જ્ઞાન તિથિઓ છે તેમાં જ્ઞાન-દર્શનની આરાધના કરવી.

ઉપરાંત છ આવશ્યકો તથા પૌષધ વગેરે તેમજ બીજી પણ જે જે બની શકે તે ધર્મ ક્રિયાઓમાં વિશેષ ઉદ્યમ રાખવો.

છઠ્ઠ તપ જુદા જુદા પ્રકારની આરાધનામાટે થાય છે તેમા પર્યુષણનો છઠ્ઠ, ચૌદશનો ઉપવાસ પાક્ષિક તપ પ્રાયશ્ચિતમાટે અને અમાસ એટલે કલ્પધર નો ઉપવાસ કરવાનો હોય છે કલ્પસૂત્રનું વાચન અને શ્રવણ તપની આરાધન દ્વારા કરવાનું હોય છે. શક્તિ સંપન્ન આત્માએ તો પર્યુષણમા અઠ્ઠાઈ જ કરવાની હોય છે પરંતુ શક્તિ હીન વ્યક્તિઓ એ ૧-૨-૩ ઉપવાસ અર્થાત છઠ્ઠ અઠ્ઠમની આરાધના કરવી જોઈએ.

વાર્ષિક પ્રાયશ્ચિતમાટે અઠ્ઠમનો તપ - ચક્રવર્તિ છ ખંડની સાધના કરવા જાય ત્યારે પણ અઠ્ઠમનો તપ કરવો અનિવાર્ય બને છે. કષ્ટનિવારણ અઠ્ઠમનો તપ છે.

## * શ્રી સંવત્સર તપ *

સંવત્સર એટલે વર્ષ. મહિનાની દરેક ચતુર્દશી, ત્રણ ચોમાસી અને પર્યુષણ પર્વમાં આવતી સંવત્સરી. એક વર્ષમાં નિશ્ચે જે તપ કરાય તે સંવત્સર તપ કહેવાય છે.

તેમાં પાક્ષિક આલોચનાં માટે દરેક ચૌદસે ઉપવાસ કરવો તે, તથા ચાતુર્માસની આલોચના માટે ત્રણે ચોમાસીએ એટલે કાર્તિક ચોમાસી, ફાગણ ચોમાસી તથા અષાઢ ચોમાસીએ (૧૪-૧૫) બબ્બે ઉપવાસ, તથા સંવત્સરી આલોચના માટે ત્રણ ઉપવાસ (પર્યુષણનો અટ્ઠમ) કરવા. આમ કુલ – ૨૪ ઉપવાસ (ચૌદસનાં) + ૩ ઉપવાસ (પૂનમનાં) + ૩ ઉપવાસ (સંવત્સરી) ૩૦ ઉપવાસ થાય છે.

આ તપ કરવાથી વર્ષમાં કરેલાં પાપોનો ક્ષય થાય છે.

"સંવત્સર તપસે નમઃ" ગરણું - નવકારવાળી વીશ. સાથીયા - ૧૨, કાઉસ્સગ - ૧૨, ખમાસણા - ૧૨.

## * શ્રી નિર્વાણદીપક તપ (દીવાળીનો છટ્ઠ) *

દીપાવલી-દીવાળી પર્વમાં સર્વ લોકો પંચેંદ્રિયના સુખના વિશેષ અભિલાષી બને છે, મહાઆરંભ કરી કર્મબંધન કરે છે. તેવા દિવસોમાં આ તપશ્ચર્યા કરવામાં આવે તો તે મહાલાભકારી થાય છે. દીવાળી પર્વની ઉત્પત્તિ સંબંધી સંક્ષિપ્ત વૃતાંત નીચે પ્રમાણે છે :-

પોતાનું આયુષ્ય નજીક જાણી પરામાત્મા શ્રી વીરભગવંત અપાપાનગરીમાં હસ્તિપાલરાજાની સભામાં છેલ્લું ચાતુર્માસ રહ્યા. પર્યંકાસને બેસી આસો વદ ૦))નો છટ્ઠ કર્યો, છેલ્લા પહોરે સ્વાતિ નક્ષત્રનો યોગ થતાં, ઈંદ્રમહારાજાએ પરમાત્માને વિજ્ઞપ્તિ કરી કે - આપના જન્મ નક્ષત્ર પર ભસ્મરાશિ ગ્રહ બેસવાનો છે. જો આપ ક્ષણમાત્ર આયુષ્ય વધારો તો તે ક્રૂર ગ્રહની અસર નાબૂદ થાય અને આપના

નિર્વાણ પછી પણ જૈન ધર્મની પ્રભાવના વિશેષ વૃદ્ધિંગત થતી રહે. પરમાત્મા શ્રી વીરભગવંતે ઈન્દ્રને જણાવ્યું કે - આયુષ્યકર્મનાં પુદ્‌ગલો ન્યૂનાધિક થાય નહીં. શ્રી જિનેશ્વરો પણ તેમ કરવા સમર્થ નથી. અભાવી થવાનું નથી અને ભાવી મિથ્યા થનાર નથી.

અંતસમયે પરમાત્માએ સોળ પહોર પર્યંત મધુર ધ્વનિથી દેશના આપી. તેમાં પંચાવન અધ્યયન શુભ કર્મવિપાકના અને પંચાવન અધ્યયન અશુભ કર્મવિપાકના કહ્યાં. તે ઉપરાંત છત્રીશ અધ્યયનો પણ કહ્યા. પ્રાંતે યોગનિરોધ કરી, શૈલેશીકરણ સાધી પરમાત્મા નિર્વાણ પામ્યા.

આ પ્રસંગે ત્યાં આવેલા નવ મલ્લકી અને નવ લચ્છવી કુલ અઢાર રાજવીઓએ પરમાત્મારૂપી ભાવ ઉદ્યોતનો વિરહ થવાથી દ્રવ્ય ઉદ્યોત કર્યો અર્થાત્‌ અસંખ્ય દીપકો પ્રગટયા. વળી તે રાત્રીએ દેવ દેવીઓએ નિર્વાણ મહોત્સવ પ્રસંગે આવાગમન કર્યું હોવાથી તે રાત્રિ જ્યોતિમય બની રહી એટલે ત્યારથી આસો વદ ૦))નો દિવસ 'દીપાલિકા-દીવાળી' તરીકે પ્રસિદ્ધિ પામ્યો.

## શ્રી દીવાળીના છટ્ઠની વિધિ

वर्षात्रयं दीपमाला, पूर्वे मुख्ये दिनद्वये ।
उपवासद्वयं कार्यं, दीपप्रस्तारपूर्वकम् ।। १ ।।

નિર્વાણ(મોક્ષ)ના માર્ગને વિષે દીવા સમાન આ તપ હોવાથી નિર્વાણદીપક નામે કહેવાય છે. તેમાં દીવાળીના

ચૌદશ તથા અમાવાસ્યા એ બન્ને દિવસનો છઠ્ઠ કરવો, તે બન્ને દિવસ અને રાત્રીએ શ્રી મહાવીરસ્વામીની પ્રતિમાની પાસે અખંડ ચોખા તથા અખંડ ઘીના દીવા મૂકવા. ઉદ્યાપનમાં શ્રી મહાવીર સ્વામીની મોટી સ્નાત્રવિધિએ પૂજા કરી એક હજાર ઘીના દીવા મૂકવા. *સંઘવાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ પ્રમાણે ત્રણ વર્ષ કરવાથી આ તપ પૂર્ણ થાય છે. આ તપનું ફળ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય તે છે. આ શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. સાથીયા વિગેરે બાર કરવા. ગરણું આ પ્રમાણે :-

'શ્રી મહાવીરસ્વામીસર્વજ્ઞાય નમઃ' નવકારવાળી ૨૦ ચતુર્દશીએ.

'શ્રી મહાવીરસ્વામીપારંગતાય નમઃ' નવકારવાળી ૨૦ અમાવાસ્યા પ્રથમ રાત્રે.

'શ્રી ગૌતમસ્વામીસર્વજ્ઞાય નમઃ' નવકારવાળી ૨૦ અમાવાસ્યા પાછલી રાત્રે.

## * ચૈત્રી પૂનમની કથા *

तीर्थराजं नमस्कृत्य श्री सिद्धाचलसंज्ञकम् ।
चैत्रशुकलपूर्णिमायाः, व्याख्यानं क्रियते मया ।।

અર્થ :- અહો ભવ્ય જીવો ! હું શ્રી સિદ્ધાચલ નામે તીર્થાધિરાજ પ્રત્યે નમસ્કાર કરી ચૈત્ર સુદિ પૂર્ણિમાનું વખાણ લખું છું. સર્વ પૂર્ણિમા મધ્યે ચૈત્રી પૂનમ અત્યંત પુણ્યની વૃદ્ધિ કરનારી છે. કારણ કે શ્રી વિમલાચલ તીર્થને વિષે અનેક વિદ્યાધર ચક્રવર્તી આદિ મોટા પુરૂષો સિદ્ધિને

પામ્યા છે. વળી શ્રી ઋષભદેવજીના બે પુત્ર નમિ અને વિનમિ મોક્ષગતિ પામ્યા છે, તથા શ્રી સિદ્ધાચલને વિષે ઋષભદેવસ્વામિના પ્રથમ ગણધર જે શ્રીપુંડરીક નામે મુનીશ્વર, તે ચૈત્રી પૂનમને દિવસે પાંચ કોડી સાધુના પરિવારે મોક્ષે પહોંચ્યા છે માટે પૂનમનો દિવસ સર્વમાં મોટો કહ્યો છે તેથી એ દિવસને ઉત્તમ પર્વ જાણીને તેનું આરાધન કરવું. ઈહાં પ્રથમ-નમિ-વિનમિનો સંબંધ કહીને પછી શ્રીપુંડરીક ગણધરજીનો સંબંધ કહીશું.

અયોધ્યા નગરીનું રાજ્ય ભરતને આપી અને તક્ષશિલાનું રાજ્ય બાહુબલને આપી તથા બીજા પુત્રોને યથાયોગ્ય દેશોનું રાજ્ય આપી શ્રી ઋષભદેવ ભગવાને દીક્ષા લીધી, પણ તે વખતે નમિ અને વિનમિ કોઈ કાર્ય નિમિત્તે દેશાંતર ગયા હતા, તેથી ભગવાન્ પણ નમિ વિનમિને રાજ્ય આપવું ભૂલી ગયા. પછી કેટલેક દિવસે જે વારે તે પરદેશથી ફરી આવ્યા, તે વખતે ભરતને પૂછવા લાગ્યા કે આપણા પિતા ક્યાં ગયા છે ? એમ પૂછવાથી તેમને ભરતે ઉત્તર આપ્યો કે, આપણા પિતાએ દીક્ષા લીધી છે, માટે તમે હવે મારી સેવા કરો અને હું તમોને કોઈક દેશનું રાજ્ય આપીશ. પણ તેમણે ભરતની કહેલી વાત ન માની અને રાજ્ય લેવા સારૂ ભગવાન્ પાસે આવ્યા. તિહાં ભગવાન્ જિહાં જિહાં વિચરે, તે તે સ્થાનકે કાંટા, કાંકરા વેગળા કરી ભૂમિ શુદ્ધ કરે તથા ભગવાન્ જે વારે કાઉસ્સગ્ગ ધ્યાને ઊભા રહે, તે વારે તેમના ઉપરથી ડાંસ, મચ્છર ઉડાડે અને પ્રભાતમાં, સંધ્યાકાલમાં ભગવાનને વાંદીને વિનંતિ કરે કે મહારાજ ! અમને રાજ્ય આપો.

એમ નમિ-વિનમિ ભગવંતની પાછળ વિચરે છે. એકદા ધરણેંદ્ર ભગવાનને વાંદવા આવ્યા. તેમણે નમિ-વિનમિને સેવા કરતા જોઈને તેમની ઉપર પ્રસન્ન થઈ અડતાલીશ હજાર સિદ્ધા વિદ્યા આપી. સોલ વિદ્યાદેવીઓનું આરાધન બતાવ્યું અને વૈતાઢ્ય પર્વતની દક્ષિણ મેખલાએ રથનુપુર ચક્રવાલ પ્રમુખ પચાસ નગર વસાવી આપ્યાં તથા ઉત્તર મેખલાને વિષે ગગનવલ્લભ પ્રમુખ સાઠ નગર વસાવી આપ્યા તથા વિદ્યાને બલે કરી તિહાં લોકોની વસ્તી પણ કરી આપી. પછી તે દિશાને વિષે નમિ અને વિનમિ એ બેઉ ભાઈ રાજ્ય પાળવા લાગ્યા. અંતે બેઉ ભાઈ પોતપોતાના પુત્રને રાજ્ય પાટે સ્થાપી પોતે સંસાર ત્યાગી દીક્ષા ગ્રહણ કરી શ્રી વિમલાચલતીર્થે આવી શ્રી ઋષભદેવ ભગવાનને નમસ્કાર કરી તે જ પર્વત ઉપર સાધુની બે કોડી સાથે મોક્ષે પહોંતા, એ નમિ-વિનમિનો સંબંધ કહ્યો.

હવે શ્રી ઋષભદેવસ્વામીના થયેલા પ્રથમ ગણધર શ્રીપુંડરીકજી ચૈત્રી પૂનમને દિવસે એ પર્વત ઉપર મોક્ષે ગયા જેથી એ પર્વતનું નામ પણ પુંડરીકગિરિ કહેવાય છે. માટે તે પુંડરીકગણધરની કથા કહે છે.

શ્રી ઋષભદેવસ્વામી છદ્મસ્થપણે વિહાર કરતાં પુરિમતાલની સમીપે શુકલમુખ ઉદ્યાનમાંહે આવ્યા. તિહાં પ્રભુને કેવલજ્ઞાન ઉપન્યું તે વારે ઈન્દ્રાદિક દેવોએ મળી સમવસરણની રચના કરી. સેવકે આવી ભરત રાજાને પ્રભુને થયેલા કેવળજ્ઞાનની વધામણી આપી. તે સાંભળી ભરત રાજા ઘણો હર્ષ પામ્યો થકો બેઠો છે. એટલામાં વળી બીજો સેવક આવ્યો. તેણે પણ આવી વધાઈ આપી કે હે મહારાજ !

આયુધશાળાને વિષે તેજ પુંજે કરી વિરાજમાન એવું ચક્રરત્ન ઉપન્યું છે ! તે સાંભળી ભરતજીએ મનમાં વિચાર્યું કે બેઉ વધાઈ સાથે આવી તો હવે પ્રથમ મહોત્સવ કોનો કરીએ ? જે માટે ચક્રરત્નનો મહોત્સવ તો કેવળ કર્મબંધનું કારણ છે અને આ ભવનો અર્થ સાધક છે, અને તીર્થંકરના કેવલજ્ઞાનનો જે મહોત્સવ કરવો, તે તો ઈહભવ પરભવ સંબંધી સર્વ અર્થનો સાધક છે. માટે પ્રથમ કેવલજ્ઞાનનો મહોત્સવ કરવો એમ નિર્ધારી ચતુરંગિણી સેના લઈ મરૂદેવી માતાની સાથે હાથી ઉપર ચડી અનેક પ્રકારના વાજિંત્ર વાજતે જેવામાં અયોધ્યા થકી બહાર નીકળી પ્રભુની સમીપ જાય છે, તેવામાં પ્રભુ આગળ દેવદુંદુભિનો ધ્વનિ થાય છે, તે સાંભળી માતા મરૂદેવાજીએ હર્ષવંત થઈ પૂછ્યું જે, 'હે પુત્ર ! એ વાજિંત્રધ્વનિ ક્યાં થાય છે ?' તે વારે ભરતે કહ્યું : 'હે માતાજી ! તમારા પુત્રની આગળ આ ધ્વનિ થાય છે. વળી તમારા પુત્રની ત્રણ ગઢ પ્રમુખની રચના આદિક ઋદ્ધિ તો જુઓ ! એવાં ભરતનાં વચન સાંભળીને તે દેખવા માટે મરુદેવાજી પોતાની આંખોને મસળવા લાગ્યાં. તેમાંથી હર્ષનાં આંસુ આવ્યાં, તેથી આંખનાં પડલ ઊતરી ગયાં. તે વારે સમવસરણની શોભા દીઠી, પણ પુત્ર તો માતાને બોલાવતો નથી, તેથી વૈરાગ્ય પામી ક્ષપકશ્રેણી આરોહણ કરી કેવલજ્ઞાન પામી તત્કાલ તે મોક્ષે પહોંતાં. તે વારે ભરત રાજા માતાના શરીરને ક્ષીરસમુદ્રમાં પરઠવી શોક નિવારીને ભગવાન પાસે જઈ, પંચાભિગમ સાચવી ત્રણ પ્રદક્ષિણા દઈ વિધિએ વંદના કરી યથાયોગ્ય સ્થાનકે બેઠા. તિહાં ભગવાને ધર્મોપદેશ દીધો. તે સાંભળી ભરત રાજાએ શ્રાવકનો ધર્મ

આદર્યો, અને ભરતના પુત્ર જે ઋષભસેન તેમનું જ બીજું નામ પુંડરીક. તેમણે ઘણા પુત્ર પૌત્રાદિક સાથે ચારિત્ર લીધું. ભગવાને ચતુર્વિધ સંઘની સ્થાપના કરી, ચોરાશી ગણધર સ્થાપ્યા, તેમાં પ્રથમ ગણધર શ્રીપુંડરીકજીને થાપ્યા.

હવે પુંડરીક ગણધર શ્રી ઋષભદેવજીની સાથે શુદ્ધ ચારિત્ર પાલતા વિચરે છે, કેટલાએક કાલ પછી ભગવાન સર્વ પરિવાર સહિત શ્રીસિદ્ધાચલતીર્થે રાયણવૃક્ષ તળે સમોસર્યા. તિહાં ઈંદ્રાદિક દેવતા વાંદવા આવ્યા. તેમની આગળ તથા શ્રીપુંડરીકાદિ મુનીશ્વરોની આગળ શ્રી શત્રુંજય તીર્થનો મહિમા કહ્યો તથા એ તીર્થ ઉપર શ્રીપુંડરીક ગણધરને મોક્ષપ્રાપ્તિ થશે તે વખાણીને વળી કહ્યું કે હે ભવ્ય જીવો ! એ તીર્થ અનાદિ કાળનું શાશ્વતું છે. ઈહાં અનંતા તીર્થંકર, અનંતા મુનીશ્વર કર્મ ખપાવી સિદ્ધિ પામ્યા છે, અને અનંતા પામશે. અભવ્ય જીવ તો પ્રાયઃ એ તીર્થને નજરે પણ ન દેખે. વળી આ અવસર્પિણીમાં એ તીર્થ વિશેષપણે પુંડરીક એવે નામે પ્રગટ થશે. ઈત્યાદિક તીર્થનો મહિમા કહીને ભગવાને વિહાર કર્યો.

હવે પુંડરીક પાંચ કોડી સાધુના પરિવાર સહિત ગ્રામાનુગ્રામ વિહાર કરતા સોરઠ દેશમાં આવ્યા. તિહાં તેમને વાંદવાને અનેક રાજા, શેઠ, સેનાપતિ પ્રમુખ ઘણા લોકો આવ્યા. ગુરૂએ પણ યથાયોગ્ય ધર્મદેશના આપી. તે અવસરમાં કોઈક સ્ત્રી ચિંતાતુર થતી થકી મહાદુઃખી એવી પોતાની વિધવા પુત્રીને સાથે લઈને તિહાં આવી. પુંડરીક ગણધરને નમસ્કાર કરી અવસર પામી પૂછવા લાગી કે, હે મહારાજ ! આ કન્યાએ પૂર્વભવમાં શું પાપ કર્યું હશે, કે જે

થકી એનો વિવાહ કરતાં હાથ મેળવવાની વખતે જ એનો ભરતાર મરણ પામ્યો? એવું પૂછે થકે ચાર જ્ઞાનના ધરનાર ગણધરજી કહેવા લાગ્યા કે હે મહાનુભાવ ! અશુભ કર્મનું અશુભ જ ફળ થાય. સર્વ જીવ પોતાનાં પૂર્વકૃત શુભાશુભ કર્મનાં જ ફળ પામે છે. પરંતુ બીજા તો નિમિત્ત માત્ર છે, માટે એના પૂર્વના ભવને હું કહું છું. તે સાંભળ.

જંબૂદ્વીપે પૂર્વ મહાવિદેહે ચંદ્રકાંતા નામની નગરીને વિષે સમરથસિંહ નામે રાજા છે. તેને ધારણી નામે રાણી છે. તેજ નગરમાં એક મહાધનવંત પરમશ્રાવક ધનાવહ નામે શેઠ રહે છે. તેને એક ચંદ્રશ્રી અને બીજી મિત્રશ્રી એવે નામે બે સ્ત્રીઓ છે, એક દિવસે ચંદ્રશ્રી કામવિકારને વશ થઈ થકી મર્યાદા મૂકી પોતાની શોક્ય મિત્રશ્રીનો પતિ પાસે જવાનો વારો હતો તેનું ઉલ્લંઘન કરી પોતે ભરતાર પાસે આવી. તે વારે તેને ભરતારે કહ્યું કે આજ તો તારો વારો નથી. માટે મર્યાદા મૂકીને કેમ આવી? તે સાંભળી ચંદ્રશ્રી કામવશ થતી કહેલા લાગી કે એમાં શાની મર્યાદા? તે વારે શેઠે કહ્યું કે, કુલવંતને મર્યાદા છોડવી યુક્ત નહીં. તે સાંભળી ચંદ્રશ્રી સંતોષ રહિત થઈ રોષે ભરાતી થકી મલિન પરિણામે મુખ વિલખું કરીને મિત્રશ્રી ઉપર ઘણો જે દ્વેષ કરવા લાગી. કેટલાએક દિવસ પછી તે ચંદ્રશ્રીએ પોતાના પિતાને ઘેર આવીને મંત્ર, યંત્ર, તંત્ર, કામણ, ટુંમણ કરીને મિત્રશ્રીના શરીરમાં ડાકણનો પ્રવેશ કરાવ્યો. તેથી મિત્રશ્રીના શરીરની સર્વ શોભા જતી રહી, તે જોઈ ભરતાર પણ મિત્રશ્રીને ત્યાગી ચંદ્રશ્રીને વશ થઈ ગયો.

પાછળથી ભરતારે પણ કેટલાએક દિવસે તે સ્વરૂપ જાણ્યું, તેથી તેણે ચંદ્રશ્રીને ત્યાગી દીધી. હવે ચંદ્રશ્રી શ્રાવકધર્મ પાલતી થકી પણ તે પાપ આલોયા વિના જ મરણ પામીને આ તારી પુત્રીપણે આવી ઉપની છે, એણે પૂર્વ ભવમાં મિત્રશ્રીનો પતિનો વિયોગ પાડ્યો તેથી એ વિષકન્યા થઈ છે એને ભરતારનો સ્પર્શ તો દૂર રહ્યો, પણ ભરતાર એનું મુખ જોવાની પણ ચાહના ન કરે એવું કર્મ એને ઉદય આવ્યું છે. એ પૂર્વકૃત કર્મના ઉદયથી દુ:ખિયારી થઈ છે માટે કર્મની ગતિ વિચિત્ર છે. તે વારે ફરી તેની માતાએ કહ્યું કે, હે સ્વામી ! ભરતારના વિરહથી પીડાતી થકી આજે એણે વૃક્ષની ડાલને વિષે ફાંસો ખાઈને મરવા માંડ્યું હતું, તેને ફાંસીથી છોડાવીને હું આપની પાસે લઈ આવી છું, માટે આપ કૃપા કરીને એને સર્વ દુ:ખથી વિમુક્ત કરનારી એવી દીક્ષા આપો. ગુરુ બોલ્યા કે - આ તારી પુત્રી દીક્ષા લેવાને અયોગ્ય છે. તે વારે માતાએ કહ્યું કે હે મહારાજ ! એને જે ધર્મ કરવા યોગ્ય હોય તે બતાવો. ગુરૂ બોલ્યા કે હે ભદ્રે ! એને ચૈત્ર શુદિ પૂનમનું આરાધન કરાવો, કે જે થકી એના અશુભ કર્મનો વિલય થાય. પછી કન્યાએ કહ્યું કે હે મહારાજ ! તમે મુજને એનો વિધિ બતાવો. તે વારે પુંડરીક ગણધર બોલ્યા કે ચૈત્ર શુદિ પૂનમને દિવસે શુભ ભાવથી ઉપવાસ કરવો. તથા શ્રી ભગવંતના દેરાસરે જઈ પૂજા કરવી, સ્નાત્રમહોત્સવ કરવો, સર્વ દેરાસરે વાંદવા જવું, ગુરૂની પાસે ચેત્રી પૂનમનું વખાણ સાંભળવું, દીન હીન જનોને દાન આપવું, તે દિવસે શીયળ પાલવું, જીવની રક્ષા કરવી, મોતીથી અથવા

ચોખાથી પાટ ઉપર વિમલગિરિની સ્થાપના કરીને તેની મોટી પૂજા કરવી, ગુરૂની પાસે પાંચે શક્રસ્તવે દેવ વાંદવા. દશ, વીશ, ત્રીશ, ચાલીશ, પચાસ લોગસ્સના કાઉસ્સગ્ગ કરવા. સ્તવન પણ કહેવાં. બે ટંક પડિક્કમણાં કરવાં, બીજો વિશેષ વિધિ ગ્રન્થાંતરથી જાણવો, ઈત્યાદિક દિન રાત્રિનાં કર્તવ્ય કરવાં. પછી પારણાને દિવસે મુનિમહારાજને વહોરાવીને પોતે પારણું કરવું. એવી રીતે પન્નર વર્ષ તપસ્યા કરવી. તપસ્યા પૂર્ણ થવાથી શક્તિ પ્રમાણે ઉજમણું કરવું. એથી જે દરિદ્રી હોય તે ધનવાન થાય. પુત્ર, કલત્ર, સૌભાગ્ય, યશ, કીર્તિ વધે. દેવતાનાં સુખ અને મોક્ષનાં સુખ પામે. વલી સ્ત્રીને ભરતારનો વિયોગ ન થાય. રોગ, શોક, વિધવાપણું, મૃતવત્સાપણું ઈત્યાદિ દોષોનો નાશ થાય. વળી વિષકન્યાપણું તથા ભૂત, પ્રેત, શાકિની, ડાકિની આદિકના સર્વ દોષ વિલય પામે. જે પ્રાણી ભાવે કરી ચૈત્રી પૂનમનું આરાધન કરે. તે પ્રાણી મોક્ષનાં સુખ પામે.

એવી પુંડરીક ગણધરની વાણી સાંભળીને તે કન્યા હર્ષવંત થઈ કહેવા લાગી કે હે મહારાજ! એ તપ હું કરીશ. એમ ગુરૂ પાસે તપ અંગીકાર કરી માતાપિતા સહિત ગુરૂને નમસ્કાર કરી પોતાને ઘેર જઈ તે દિવસ આવેથી ચૈત્રી પૂનમનું આરાધન કર્યું. તપ પૂર્ણ કરી ઉજમણું કર્યું. શ્રી સિદ્ધાચલજીની યાત્રા કરી, શ્રીઋષભદેવસ્વામીનું ધ્યાન ધરતી રહી. છેવટે અનશન કરી આયુ પૂર્ણ થયે સૌધર્મ દેવલોકે દેવતાપણે જઈ ઉપની. તિહાં દેવતા સંબંધી ભોગ ભોગવી આયુ પૂર્ણ કરી મહાવિદેહને વિષે સુકચ્છ વિજયે વસંતપુર નગરમાં નરચંદ્ર રાજાના રાજ્યને વિષે

તારાચંદ નામના શેઠ વસે છે તેની તારા નામે ભાર્યા છે, તેની કૂખે પુત્રપણે ઉપજશે. તેનું નામ પૂર્ણચંદ્ર થશે. બહોંતેર કલાએ પરિપૂર્ણ થશે. પન્નર કોડી દ્રવ્ય પામશે, પન્નર સ્ત્રીઓ અને પન્નર પુત્ર પામશે. ઈત્યાદિક ઘણાં સુખ ભોગવશે. વલી તે ભવમાં પણ ચૈત્રી પૂનમનું આરાધન કરશે. છેવટે જયસમુદ્ર ગુરૂની પાસે દીક્ષા લઈ ચારિત્ર પાળી મોક્ષે જશે.

એમજ ચૈત્રી પૂનમનું તપ કરતાં ઘણા જીવ મોક્ષે ગયા છે. વળી શ્રીકૃષ્ણના પુત્ર શાંબ, પ્રદ્યુમ્ન, દશરથનો પુત્ર ભરત, શુક નામે મુનિરાજ, શૈલકજી, પંથકજી, રામચંદ્ર, દ્રાવિડ રાજા, નવ નારદ, પાંચ પાંડવ એ સર્વ શ્રી સિદ્ધાચલ ઉપર મોક્ષે ગયા છે. વલી ચૈત્રી પૂનમને દિવસે ઉપવાસ કરીને જે પ્રાણી શ્રીસિદ્ધાચલ તીર્થની યાત્રા કરે તે પ્રાણી નરક, તિર્યંચની ગતિનો વિચ્છેદ કરે. ચૈત્રી પૂનમને દિવસે મંત્રાક્ષરે પવિત્ર સ્નાત્રજલ ગ્રહણ કરીને ઘરને વિષે છાંટે તેના ઘરમાં મરકી પ્રમુખ ઉપદ્રવ ન થાય. સર્વદા છાંટે છતે પ્રાણી ઋદ્ધિ વૃદ્ધિ સુખ સંપદા પામે. શુભ ભાવથી આરાધતાં મંગલ માલ વધે. મોક્ષનાં સુખ પામે. શ્રીનંદીશ્વર દ્વીપને વિષે શાશ્વતા ભગવાન્ પૂજ્યા થકી જે પુણ્ય થાય, તે થકી અધિક પુણ્ય ચૈત્ર શુદિ પૂનમને દિવસે શત્રુંજય તીર્થ ઉપર ભગવાનની પૂજા કરવાથી થાય. જે મનુષ્ય અન્ય સ્થાનકે રહ્યો થકો પણ ચૈત્રી પૂનમને દિવસે શ્રીઋષભદેવજીની તથા પુંડરીક ગણધરની પૂજા કરે; તે દેવતાની પદવી પામે અને જો વિમલાચલ ઉપર રહ્યો થકો, ભક્તિ કરે, તો ઘણું જ ફલ પામે; તેમાં તો કહેવું જ શું ?

તથા ચૈત્રી પૂનમને દિવસે જે દાન આપીએ, તપસ્યા કરીએ, ધ્યાન ધરીએ, સામાયિક કરીએ, જિનપૂજા કરીએ, તે સર્વ ધર્મ કાર્ય, પાંચ કોડી ગુણાં ફલનાં આપનાર થાય. જે પ્રાણી શુદ્ધ વિધિએ ચૈત્રી પૂનમનું આરાધન કરે તે જીવ પોતાને સ્થાનકે બેઠો થકો ભાવના ભાવતો પણ તીર્થયાત્રાનું ફલ પામે.

પુંડરીક એટલે શ્રી ઋષભદેવના પહેલા ગણધરની આરાધના માટે આ તપ છે, તેથી પુંડરીક તપ કહેવાય છે. તે ગણધર ચેત્રી પૂર્ણિમાને રોજ શ્રી સિદ્ધાચળ પર સિદ્ધિ પામ્યા છે તેથી તે દિવસે શ્રી પુંડરીકસ્વામીની પ્રતિમાની પૂજા કરવી, તથા શક્તિ પ્રમાણે ઉપવાસ, એકાસણાદિક તપ કરવો, કસુંબી રંગવાળા વસ્ત્રથી પૂજા કરવી, કસુંબી રંગની પીળ કરવી, નેત્રાંજન કરવું, હરિદ્રા રાગે કરીને પણ પૂજા કરવી. ત્યાર પછી દરેક પૂર્ણિમાએ તે તપ તથા પૂજા કરવી. એ પ્રમાણે સાત વર્સ અથવા એક વર્ષ સુધી કરવું. અથવા બાર વર્ષની બાર ચૈત્રી પૂર્ણિમા જ કરવી. (પંદર વરસ કરવાનું પણ બાર માસિક પર્વકથામાં કહ્યું છે.)

ઉદ્યાપનમાં સ્ત્રીએ નણંદની દીકરીને તથા પુરુષે બેનની દીકરીને ઘણાં માંડાનું ભોજન કરાવી હરિદ્રા રાગ, કસુંબી વસ્ત્રનો જોટો, તાંબૂલ, કંકણ, નૂપુર વિગેરે આપવું, સાધુ સાધ્વીઓને રજોહરણ, મુખવસ્ત્રિકા, વસ્ત્રપાત્ર વિગેરેનું દાન દેવું માંડા દેવા. આ તપ કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. યતિ તથા શ્રાવકને કરવાનો આ આગાઢ તપ છે.

'શ્રી પુંડરીગણધરાય નમઃ' નવકારવાળી વીશ, સાથીયા

વિગેરે ૧૫૦ દોઢસો કરવા.

## ચૈત્રી પૂનમના તપનો વિધિ

પોતાનો સ્થાને રહીને જેને તપ કરવો હોય તેને માટે વિધિ કહે છે. મુખ્યતાથી તો શ્રી પુંડરીક ભગવાનના જ પ્રતિમાજી હોવા જોઈએ. તેના અભાવે શ્રી ગૌતમસ્વામીના, તેના અભાવે શ્રી ઋષભદેવજીના પ્રતિમાજી, તેના અભાવે જે પ્રભુજીનું બિંબ હોય તેની પાસે વિધિ કરવો. છેવટ સ્થાપનાચાર્ય પાસે પણ કરવો. ૧૫૦ પ્રદક્ષિણા દેવી. ૧૫૦ ખમાસમણ દેવા. ૧૫૦ સાથીઆ કરવા. ૧૫૦ ફૂલની માળાઓ ચડાવવી ને ૧૫૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. જો એક સાથે ન થઈ શકે તો ૧૦-૨૦-૩૦-૪૦ અને ૫૦ લોગસ્સનો જુદો જુદો કરીને ૧૫૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ પૂરો કરવો.

## * રોહિણી તપ *

રોહિણી તપ સ્ત્રીવર્ગમાં ખૂબ જ પ્રચલિત છે. રોહિણી નક્ષત્રને અનુલક્ષીને આ તપ કરવામાં આવે છે. આ તપના પ્રભાવથી વૈધવ્યપણું પ્રાપ્ત થતું નથી. આ તપના આરાધનથી રોહિણીએ કેવી સુખ-સંપદા પ્રાપ્ત કરી તેને લગતી હકીકત નીચે પ્રમાણે :-

ચંપાપુરીમાં શ્રી વાસુપૂજ્યસ્વામીના પુત્ર મઘવા રાજવીને લક્ષ્મી નામની રાણી હતી. તેમને આઠ પુત્ર ઉપર એક પુત્રી જન્મી. પુત્રીનું નામ રોહિણી રાખ્યું. મઘવા રાજવીએ તેના લગ્નોત્સવ નિમિત્તે સ્વયંવર મંડપ રચ્યો અને દેશ-દેશના

એકત્ર થયેલા અનેક રાજકુમારો પૈકી નાગપુરના અશોકકુમારના કંઠમાં વરમાળા આરોપી.

નાગપુર આવ્યા બાદ અશોકનાં પિતાએ અશોકને રાજ સોંપી દીક્ષા ગ્રહણ કરી. ભોગવિલાસ ભોગવતાં રોંહિણીને આઠ પુત્રો અને ચાર પુત્રીઓ થઈ. એકદા રોહિણી ગોખમાં બેઠી હતી તેવામાં કોઈ સ્ત્રીનો પુત્ર મૃત્યુ પામવાથી રુદન કરવાનો અવાજ સંભળાયો.

તે સ્ત્રી માથું કૂટતી હતી, છાતી પીટતી હતી અને વારંવાર વિલાપ કરતી હતી. આ દૃશ્ય જોઈ રોહિણીએ રાજાને પૂછ્યું કે - આ સ્ત્રી કઈ જાતનું નાટક કરે છે ? રાજાએ કહ્યું કે - આ નાટક નથી. તે સ્ત્રી રડે છે, તું તારા સુખનો ગર્વ ન કર. રોહિણીએ કહ્યું કે - હું ગર્વ કરતી નથી. મેં આવું દૃશ્ય કોઈ સ્થળે જોયું નથી તેથી પૂછું છું કે - આ સ્ત્રી શું કરી રહી છે ? રાજાએ કહ્યું કે - તે રુદન કરે છે. રોહિણીએ પુનઃ પૂછ્યું કે - આ સ્ત્રી આવું કયાંથી શીખી હશે ? આવી જાતના પ્રશ્નથી રાજાને કંઈક રોષ ચડયો અને આવેશમાં ને આવેશમાં કહ્યું કે - લે તને પણ હું શીખવું. એમ બોલી, રાણીના ખોળામાં રમતો સૌથી નાનો લોકપાલ નામનો પુત્ર ઉપાડી લઈ, ગોખમાંથી નીચે ફેંકયો પરન્તુ રોહિણીનું પુણ્ય જાગૃત હતું એટલે પુરદેવીએ પુત્રને અદ્ધરથી જ ઝીલી લીધા અને સિંહાસન પર બેસાડયો. આવો ચમત્કાર જોઈ રાજા ઘણું જ આશ્ચર્ય પામ્યો.

થોડાએક દિવસો બાદ તે નગરીમાં રુપ્યકુંભ અને સુવર્ણકુંભ નામના બે મુનિવરો પધાર્યા. રાજાએ સહપરિવાર

જઈ વંદન કરી, મીઠી દેશના સાંભળી, પ્રાંતે પૃચ્છા કરી કે દુઃખ શું કહેવાય તે રોહિણી શા માટે જાણતી નથી ? મુનિવરે તેણીનો પૂર્વભવ વર્ણવતાં જણાવ્યું કે -

પૂર્વે આ જ નગરીમાં ધનમિત્ર નામનો શ્રેષ્ઠી હતો. તેને ખરાબ નસીબવાળી દુર્ગંધા નામની પુત્રી હતી. તેણી યુવાવસ્થાને પ્રાપ્ત થઈ છતાં તેને પરણવા કોઈ તૈયાર ન થયું. ધનમિત્ર તેને પરણનારને ક્રોડ દ્રવ્ય આપવા તૈયાર થયો તો પણ દુર્ગંધાની ખરાબ વાસ અને ઉષ્ણ સ્પર્શને કારણે કોઈએ પસંદગી બતાવી નહિ. તેવામાં રાજના ગુનેહગાર કોઈ એક ચોરને વધસ્તંભ પર જતાં બચાવી, તેની સાથે પોતાની પુત્રી પરણાવી પણ પુત્રીના સમાગમથી તેના અતિ ઉષ્ણ સ્પર્શને કારણે સંતાપિત થવાથી રાત્રિના સમયે જ તે ચોર નાશી ગયો. ધનમિત્ર આ બનાવથી ઘણો દુઃખી થયો તેવામાં તે નગરીમાં જ્ઞાની સંબંધી કારણ પૂછ્યું એટલે જ્ઞાની ભગવંતે જણાવ્યું કે -

ઉજ્જયંત પર્વત પાસે ગિરિવર (જુનાગઢ)માં પૃથ્વીપાલ નામનો રાજા હતો. તેને સિદ્ધમતી નામની રાણી હતી. એકદા રાજા-રાણી ઉપવનમાં ક્રીડા કરવા ગયા. ઉપવનમાં જતાં જ રાજાએ ગુણસાગર નામના માસોપવાસી મુનિવરને નીહાળ્યા એટલે તેમને વંદન કરી, રાણીને આજ્ઞા આપી કે - આ મુનિરાજને આપણા ગૃહે લઈ જઈ ગોચરી વહોરાવો. રાણીની અનિચ્છા છતાં રાજાના આદેશથી કચવાતે મને રાણી સ્વઆવાસે ગઈ અને મુનિવરને કડવા તુંબડાનું શાક વહોરાવ્યું. શાકને કડવું જાણી મુનિવરે તેને પરઠવવાની

તૈયારી કરી. પણ અસંખ્ય જીવહિંસા જાણી પોતે જ ખાઈ ગયા અને શુભ ધ્યાનથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી, કાળ કરી મોક્ષે સિધાવ્યા.

રાજાને આ હકીકતની ખબર પડતાં રાણીને કાઢી મૂકી. સાતમે દિવસે રાણીને કોઢનો વ્યાધિ થયો. મૃત્યુ પામી છટ્ઠી નરકે ગઈ. ત્યાર બાદ ઘણા ભવોમાં ભમી, ભાગ્યયોગે નવકાર મહામંત્રનું શ્રવણ કરવાથી આ તમારી પુત્રી થઈ છે. દુર્ગંધાને તરત જ જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાનો પૂર્વભવ જોયો. પોતાના અશુભ કર્મને દૂર કરવા ઉપાય પૂછ્યો એટલે ગુરુમહારાજે સાત વર્ષ ને સાત માસ રોહિણીનો તપ કરવાનું કહ્યું. આ તપના પ્રભાવથી તું અશોક રાજાની રોહિણી નામની રાણી થઈશ.

ગુરુમહારાજના કથનથી શુભ ધ્યાનથી તેણે રોહિણી તપનું એકાગ્ર મનથી આરાધન કર્યું અને મૃત્યુ પામી, સ્વર્ગે જઈ આ તમારી પત્ની થઈ છે. આ તપના કારણે 'દુઃખ' શું કહેવાય તે પણ તે જાણતી નથી.

હે રાજન્ ! તમે પણ પૂર્વભવમાં રોહિણી તપનું સમ્યગ્ આરાધન કરવાથી મઘવા નામના રાજા થયા છો અને તમારા બનેનો સુયોગ થયો છે.

ગુરુવરનું કથન સાંભળી, હર્ષ પામી રાજા રાણી સ્વસ્થાને ગયા અને પ્રાંતે દીક્ષા લઈ, કેવળજ્ઞાન પ્રાપ્ત કરી, મોક્ષલક્ષ્મીને વર્યા.

रोहिण्यां च तपः कार्य वासुपूज्यार्चनायुतम् ।
सप्तवर्षी सप्तमासीं उपवासादिभिः परम् ।। १ ।।

આ તપ રોહિણી નક્ષત્રમાં થાય છે, તેથી તે રોહિણી તપ કહેવાય છે. તે તપ અક્ષય તૃતીયાને દિવસે અથવા તેની આગળ પાછળ જ્યારે રોહિણી નક્ષત્ર હોય ત્યારે શરૂ થાય છે. તે તપ શ્રી વાસુપૂજ્યસ્વામીની પૂજાપૂર્વક સાત વર્ષ અને સાત માસ સુધી કરવો. એટલે માસે માસે જ્યારે રોહિણી નક્ષત્ર હોય તે તે દિવસે ઉપવાસાદિક (ઉપવાસ, આંબિલ, નીવિ વિગેરે) તપ કરવો. જો કદાચ એક પણ રોહિણી નક્ષત્ર ભૂલી જવાય તો ફરીથી પ્રથમથી આરંભ કરવો. ઉદ્યાપનમાં સંઘવાત્સલ્ય, સંઘપૂજા કરવી. આ તપનું ફળ અવિધવાપણું તથા સૌભાગ્ય સુખની પ્રાપ્તિ થાય તે છે. આ શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. (આ તપ પૌષધપૂર્વક ઉપવાસ કરીને કરવાનો પ્રચાર છે. અથવા પૌષધ ન થઈ શકે તો આરંભાદિક કાર્ય ન કરે.) 'ૐ હ્રીઁ શ્રી વાસુપૂજ્યસર્વજ્ઞાય નમઃ' એ પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## * અક્ષયનિધિ તપ *

આ તપ શ્રાવણ વદ ૪ ને દિવસે શરૂ કરી સોળ દિવસે પૂરો કરવો તેમાં સુવર્ણનો રત્નજડિત કુંભ કરાવવો અથવા શક્તિ પ્રમાણે બીજી કોઈ રૂપા વિગેરે ધાતુનો કરાવવો અથવા છેવટ શક્તિ ન હોય તો માટીનો કરાવવો પછી તે કુંભ ઘરમાં, દેરાસરમાં અથવા ઉપાશ્રયે પવિત્ર સ્થાને જિનબિંબની સમીપે ગહુંલી કરી તે પર સ્થાપવો. તેની સમીપે સ્વસ્તિક કરી તે પર કલ્પસૂત્ર પધરાવવું. તેની પાસે હમેશાં બન્ને કાળનું પ્રતિક્રમણ કરવું. હમેશાં દેવપૂજા કરવી.

પુસ્તક ઉપર ચંદરવો બાંધવો, જ્ઞાનને ધૂપ દીપ કરી હમેશાં રૂપાનાણે પૂજવું અથવા શક્તિ ન હોય તો પહેલે તથા છેલ્લે દિવસે રૂપાનાણે પૂજવું અને વચલા દિવસોમાં યથાશક્તિ દ્રવ્યવડે પૂજવું. પછી અક્ષતની બે હાથે અંજલી ભરીને ઉપર સોપારી તથા રૂપાનાણું મૂકી ઊભા થઈ જ્ઞાનની 'બોધાગાધં૦' એ થોય બોલી સ્તુતિ કરવી અથવા આ દુહો બોલવો 'જ્ઞાન સમું કો ધન નહિ, સમતા સમું ન સુખ; જીવિત સમ આશા નહિ, લોભ સમું નહિ દુઃખ ॥ ૧ ॥' પછી તે અક્ષતની અંજળી સોપારી સહિત કુંભમાં નાખવી. ઉપર એક શ્રીફળ મૂકવું. એમ સોળ દિવસ સુધી અક્ષતની અંજલી, સોપારી તથા રૂપાનાણું કુંભમાં નાખવું. છેલ્લે દિવસે કુંભ ચોખાથી પૂર્ણ કરવો. પછી ખમાસમણ દઈ 'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! શ્રી શ્રુતદેવતાઆરાધનાર્થં કાઉસ્સગ્ગ કરું ? ઈચ્છં, શ્રી શ્રુતદેવતાઆરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં' અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ કરી એક જણ પારી 'નમોડર્હત્૦' કહી 'સુઅદેવયાભગવઈ, નાણાવરણીયમ્મસંઘાય; તેસિં ખવેઉ સયયં, જેસિં સુઅસાયરે ભત્તી ॥ ૧ ॥' એ થોય કહે 'ૐ હ્રીઁ નમો નાણસ્સ' એ પદની નવકારવાળી ૨૦ દરરોજ ગણવી. આ પ્રમાણે દરરોજ કરવું. છેલ્લે દિવસે રાત્રિજાગરણ, પૂજા, પ્રભાવના કરવી. પારણાને દિવસે હાથી, ઘોડા વિગેરેથી વરઘોડો શણગારી વાજતેગાજતે કુંભને દેરાસર લઈ જવો. તે વખતે કુંભ ઉપર શ્રીફળ રાખી તે ઉપર લીલું, પીળું, રેશમી વસ્ત્ર વીંટી, ઉપર ફૂલની માળા પહેરાવી સૌભાગ્યવતી સ્ત્રીને માથે મૂકવો. તથા નૈવેદ્યમાં સર્વ જાતનાં પક્વાન્ન, સુખડી વિગેરે

યથાશક્તિ કરાવી તેના થાલ પણ સૌભાગ્યવતી સ્ત્રીઓને માથે મૂકવાં. એ રીતે વરઘોડા સહિત દેરાસર આવવું. કુંભવાળી સ્ત્રીઓએ ત્રણ પ્રદક્ષિણા કરી પ્રભુ પાસે કુંભ મૂકવો, પછી નૈવેદ્ય પણ પ્રભુ પાસે મૂકવું. જ્ઞાનના પુસ્તકને ગુરુને સ્થાનકે પધરાવી ગુરુપૂજા તથા પુસ્તકપૂજા રૂપાનાણાથી કરવી. ભાદરવા શુદિ ૪ને દિવસે તપની સમાપ્તિ કરવી. તે તપના દિવાસોમાં નિરંતર એકાસણું અથવા બેસુણું કરવું. છેલ્લે સંવત્સરીને દિવસે ઉપવાસ કરવો. શુદિ પને રોજ પારણું કરવું. સ્વામીવાત્સલ્ય, પ્રભાવના વિગેરે કરવું. એ રીતે ચાર વર્ષ સુધી આ તપ કરવાનો નિયમ છે. જેટલા જણ તપ કરતાં હોય, તે દરેકે જુદા જુદા કુંભ મૂકવા. આ શ્રાવકને કરવાનો આગાઢ તપ છે.

## અક્ષયનિધિ તપની વિધિ

પ્રથમ ઈરિયાવિહી પ્રતિક્રમવા, પછી ઈચ્છાકારેણ૦ સં૦ ભ૦ અક્ષયનિધિ તપ આરાધન નિમિત્તે ચૈત્યવંદન કરું? ઈચ્છં કહી નીચે પ્રમાણે ચૈત્યવંદન કરવું.

શાસનનાય સુખકરણ, વર્ધમાન જિનભાણ ।<br>
અહર્નિશ એહની શિર વહું, આણા ગુણમણિખાણ ॥ ૧ ॥<br>
તે જિનવરથી પામીયા, ત્રીપદી શ્રી ગણધાર ।<br>
આગમ રચના બહુવિધ, અર્થવિચાર અપાર ॥ ૨ ॥<br>
તે શ્રી શ્રુતમાં ભાષિયા એ, તપ બહુવિધ સુખકાર ।<br>
શ્રી જિનઆગમ પામીને, સાધે મુનિ શિવ સાર ॥ ૩ ॥<br>
સિદ્ધાંતવાણી સુણવા રસિક, શ્રાવક સમકિત ધાર ।<br>
ઈષ્ટ સિદ્ધિ અર્થે કરે, અક્ષયનિધિ તપ સાર ॥ ૪ ॥

તપ તો સૂત્રમાં અતિ ઘણાં, સાધે મુનિવર જેહ ।
અક્ષય નિધાનને કારણે, શ્રાવકને ગુણગેહ ॥ ૫ ॥
તે માટે ભવિ તપ કરો એ, સર્વ ઋદ્ધિ મળે સાર ।
વિધિશું એહ આરાધતાં, પામીજે ભવ પાર ॥ ૬ ॥
શ્રી જિનવર પૂજા કરો, ત્રિક શુદ્ધે ત્રિકાળ ।
તેમ વળી શ્રુતજ્ઞાનની, ભક્તિ થઈ ઉજમાળ ॥ ૭ ॥
પડિકમણાં બે ટંકના, બ્રહ્મચર્યને ધરીએ ।
જ્ઞાનની સેવા કરી, સહેજે ભવજળ તરીએ ॥ ૮ ॥
ચૈત્યવંદન શુભભાવથી એ, સ્તવન થોઈ નવકાર ।
શ્રુતદેવી ઉપાસના, ધીરવિજય હિતકાર ॥ ૯ ॥

પછી જં કિંચિ કહીને નમુથ્થુણં કહેવું. પછી બે જાવંતિ કહી નમોઽર્હત્ કહી, નીચે પ્રમાણે સ્તવન કહેવું.

(લાવો લાવોને રાજ મોંઘામૂલા મોતી-એ દોશી)

તપવર કીજે રે. અક્ષયનિધિ અભિધાને;
સુખભર લીજે રે, દિન ચડતે વાને (એ આંકણી)
પર્વ પજૂષણ પર્વશિરોમણિ, જે શ્રી પર્વ કહાય ।
માસ પાખ છટ્ઠ દસમ દુવાલસ, તપ પણ એ દિન થાય ત૦॥ ૧ ॥
પણ અક્ષયનિધિ પર્વ પજૂષણ-કેરો કહે જિનભાણ ।
શ્રાવણ વદ ચોથે પ્રારંભી, સંવચ્છરી પરિમાણ ત૦॥ ૨ ॥
એ તપ કરતાં સર્વ રિદ્ધિ વરે, પગ પગ પ્રગટે નિધાન ।
અનુક્રમે પામે તેહ પરમપદ, સાન્વયી નામ પ્રધાન ત૦॥ ૩ ॥
પરમત્સરથી કર્મ બંધાણું, તેણે પામી દુઃખજાળ ।
એ તપ કરતાં તે પૂરવનું, કર્મ થયું વિસરાળ ત૦॥ ૪ ॥
જ્ઞાનપૂજા શ્રુતદેવી કાઉસ્સગ્ગ, સ્વસ્તિક અતિ સોહાવે ।

સોવનજડિત કુંભ નિજશક્તિ, સંપૂરણક્રમે થાવે૦ ત૦।। ૫ ।।
જઘન્ય મધ્યમ ઉત્કૃષ્ટથી કરીએ, ઈગ દોય તિન વરીસ ।
વરસ ચોથે શ્રુતદેવી નિમિત્તે, એ તપ વીશવાવીશ૦ ત૦।। ૬ ।।
એણે અનુસારે જ્ઞાનતણું વર, ગરણું ગણીએ ઉદાર ।
આવશ્યકાદિ કરણી સંયુત, કરતાં લહે ભવપાર૦ ત૦।। ૭ ।।
ઈહ ભવ પરભવ દોષ આશંસા, રહિત કરો ભવિ પ્રાણી ।
જે પરપુદ્ગલ ગ્રહણ ન કરવું, તે તપ કહે વરનાણી૦ ત૦।। ૮ ।।
રાતિજગ પૂજા પરભાવના, હય ગય શણગારીજે ।
પારણા દિન પંચ શબ્દે વાજે, વાજંતે પધરાવીજે૦ ત૦।। ૯ ।।
ચૈત્ય વિશાળ હોય તિહાં આવી, પ્રદક્ષિણા વળી દીજે ।
કુંભ વિવિધ નૈવેદ્ય સંઘાતે, પ્રભુ આગળ ઢોઈજે૦ ત૦।। ૧૦ ।।
રાધનપુરે એ તપ સુણી બહુ જણ, થયા ઉજમાળ તપ કાજે ।
એમ મુખ્ય મંડાણ ઓછવમાં, મસાલીયા દેવરાજે૦ ત૦।। ૧૧ ।।
સંવત અઢાર તેંતાલી વરસે, એ તપ બહુ ભવી કીધો ।
શ્રીજિન ઉત્તમ પાદ પસાયે, પદ્મવિજય ફળ લીધો૦ ત૦।। ૧૨ ।।

ત્યાર પછી જય વીયરાય૦ કહી 'સુયદેવયાએ કરેમિકાઉસ્સગ્ગં' અન્નથ્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી નમોઽર્હત્ કહી 'સુયદેવયાભગવઈ, નાણાવરણીયકમ્મસંઘાયં । તેસિં ખવેઉં સયયં, જેસિં સુયસાયરે ભત્તિ ।। ૧ ।।' એ થોય કહેવી પછી પચ્ચખ્ખાણ કરવું. પછી પૂજાની ઢાળ કહેવી તે નીચે પ્રમાણે -

## દુહા

સપ્તમ પદ શ્રી જ્ઞાનનો, સિદ્ધચક્ર પદમાંહી ।
આરાધીજે શુભ મને, દિન દિન અધિક ઉંછાહિં ।। ૧ ।।

## છંદ ગાથા

અન્નાણસંમોહતમોહરસ્સ, નમો નમો નાણ દિવાયરસ્સ ।
પંચપ્પયાસુ ઉવગારગસ્સ, સત્તાણ તત્તત્થ પયાસગસ્સ ॥ ૧ ॥
હુવે જેહથી સર્વ અજ્ઞાન રોધો, જિનાધીશ્વર પ્રોક્ત અર્થાવબોધો ।
મતિ આદિ પંચ પ્રકાર પ્રસિદ્ધો, જગદ્‌ભાસતે સર્વદે વાવિરુદ્ધો ।
યદીય પ્રભાવે સુભક્ષં અભક્ષં, સુપેયં અપેયં સુકૃત્યં અકૃત્યં ।
જેણે જાણીએ લોકમધ્યે સુનાણં, સદા મે વિશુદ્ધં તદેવ પ્રમાણં ॥ ૨ ॥

## ઢાળ

ભવ્ય નમો ગુણજ્ઞાનને, સ્વપરપ્રકાશક ભાવે જી ।
પરજાય ધર્મ અનંતતા, ભેદાભેદ સ્વભાવેજી ॥ ૧ ॥ (ચાલ)
જે મુખ્ય પરિણતિ સકલ જ્ઞાયક, બોધ ભાવ વિલચ્છના ।
મતિ આદિ પંચ પ્રકાર નિર્મળ, સિદ્ધ સાધન લચ્છના ॥
સ્યાદ્વાદસંગી તત્ત્વરંગી, પ્રથમ ભેદાભેદતા ।
સવિકલ્પ ને અવિકલ્પ વસ્તુ, સકલ સંશય છેદતા ॥ ૨ ॥

## ઢાળ બીજી

ભક્ષ્યાભક્ષ્ય ન જે વિણ લહિયે, પેય અપેય વિચાર ।
કૃત્ય અકૃત્ય ન જે વિણ લહિયે, જ્ઞાન તે સકલ આધાર રે. ભ૦સિ૦
પ્રથમ જ્ઞાન ને પછે અહિંસા, શ્રી સિદ્ધાંતે ભાખ્યું ।
જ્ઞાનને વંદો જ્ઞાન મ નિંદો, જ્ઞાનીએ શિવસુખ ચાખ્યું રે. ભ૦
સકલ ક્રિયાનું મૂલ જે શ્રદ્ધા, તેહનું મૂલ જે કહિયે ।
તેહ જ્ઞાન નિત્ય વંદીજે, તે વિણ કહો કેમ રહિયે રે ? ભ૦
પંચ જ્ઞાનમાંહિ જેહ સદાગમ, સ્વપરપ્રકાશક જેહ ।
દીપક પરે ત્રિભુવન ઉપકારી, વળી જેમ રવિ શશી મેહ રે. ભ૦
લોક ઊર્ધ્વ અધો તિર્યગ્ જ્યોતિષ, વૈમાનિક ને સિદ્ધા ।
લોકાલોક પ્રગટ સવિ જેહથી, તેહ જ્ઞાને મુજ શુદ્ધિ રે । ભ૦ ૫

## ઢાળ ત્રીજી

જ્ઞાનાવરણી જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે ।
તો હુએ એહિજ આત્મા, જ્ઞાન અબોધતા જાય રે ॥ વી૦॥ ૧ ॥

પછી 'ૐ હ્રીઁ પરમાત્મને નમઃ જ્ઞાનપદેભ્યઃ કલશં યજામહે સ્વાહા' એ મંત્ર બોલીને જ્ઞાનની વાસક્ષેપ વડે પૂજા કરવી, અને પછી દ્રવ્ય વડે પૂજા કરવી એટલે સોનામહોર તથા રૂપામહોરથી જ્ઞાનની યથાશક્તિ પૂજા કરવી.

પછી નીચે પ્રમાણે દુહા બોલી શ્રુતજ્ઞાનના ૨૦ ભેદના ૨૦ ખમાસમણ દેવા.

## પીઠિકાના દુહા

સુખકર શંખેસર નમી, થુણશ્યું શ્રી શ્રુત નાણ ।
ચઉ મુંગા શ્રુત એક છે, સ્વપરપ્રકાશક ભાણ ॥ ૧ ॥
અભિલાપ્ય અનંતમે, ભાગે રચિયો જેહ ।
ગણધર દેવે પ્રણમીઓ, આગમ રયણ અછેહ ॥ ૨ ॥
ઈમ બહુલી વક્તવ્યતા, છઠાણ વડીયા ભાવ ।
ક્ષમાશ્રમણ ભાષ્યે કહ્યા, ગોપય સર્પિ જમાવ ॥ ૩ ॥
લેશ થકી શ્રુત વરણવું, ભેદ ભલા તસ વીશ ।
અક્ષયનિધિ તપને દિને, ખમાસમણ તે વીશ ॥ ૪ ॥
સૂત્ર અનંત અર્થ મઈ, અક્ષર અંશ લહાય ।
શ્રુતકેવળી કેવળી પરે, ભાખે શ્રુત પરજાય ॥ ૫ ॥ (પ્રથય ભેદ)
શ્રી શ્રુતજ્ઞાનને નિત નમો, ભાવ મંગલને કાજ ।
પૂજન અર્ચન દ્રવ્યથી, પામો અવિચલ રાજ ॥ ૬ ॥
(ખમાસમણ દેવું)

(આ છઠ્ઠો દુહો દરેક ખમાસમણે કહેવો.)

ઈગ સય અડવીસ સ્વરતણા, તિહાં અકાર અઢાર ।
શ્રુત પર્યાય સમાસમેં, અંશ અસંખ્ય વિચાર ॥ ૭ ॥ શ્રી શ્રુ૦૨
બત્રીશ વર્ણ સમાય છે, એક શ્લોક મઝાર ।
તે માંહે એક અક્ષર ગ્રહે, તે અક્ષર શ્રુત સાર ॥ ૮ ॥ શ્રી શ્રુ૦૩
ક્ષયોપશમ ભાવે કરી, બહુ અક્ષરનો જેહ ।
જાણે ઠાણાં આગલે, તે શ્રુતનિધિ ગુણગેહ ॥ ૯ ॥
કોડિ એકાવન અડલખ, અડસય એકાશી હજાર ।
ચાલીશ અક્ષર પદતણા, કહે અનુયોગદુવાર ॥ ૧૦ ॥ શ્રી શ્રુ૦૪
અર્થાંતે ઈહાં પદ કહ્યું, જિહાં અધિકાર ઠરાય ।
તે પદ શ્રુતને પ્રણમતા, જ્ઞાનાવરણી હઠાય ॥ ૧૧ ॥ શ્રી શ્રુ૦૫
અઢાર હજાર પદે કરી, અંગ પ્રથમ સુવિલાસ ।
દુગુણા શ્રુત બહુ પદ ગ્રહે, તે પદ શ્રુત સમાસ ॥ ૧૨ ॥ શ્રી શ્રુ૦૬
પિંડપ્રકૃતિમાં એક પદે, જાણે બહુ અવદાત ।
ક્ષયોપશમની વિચિત્રતા, તેહજ શ્રુત સંઘાત ॥ ૧૩ ॥ શ્રી શ્રુ૦૭
પંચોતેર ભેદે કરી, સ્થિતિ બંધાદિ વિલાસ ।
કમ્મપયડી પયડી ગ્રહે, શ્રુત સંઘાત સમાસ ॥ ૧૪ ॥ શ્રી શ્રુ૦૮
ગત્યાદિક જે માર્ગણા, જાણે તેહમાં એક ।
વિવરણ ગુણઠાણાદિકે, તસ પ્રતિપત્તિ વિવેક ॥ ૧૫ ॥ શ્રી શ્રુ૦૯
જે બાસઠિ માર્ગણ પદે, લેશ્યા આદિ નિવાસ ।
સંગ્રહ તરતમ યોગથી, તે પ્રતિપત્તિ સમાસ ॥ ૧૬ ॥ શ્રી શ્રુ૦૧૦
સંતપદાદિક દ્વારમાં, જે જાણે શિવલોગ ।
એક દોય દ્વારે કરી, શ્રદ્ધા શ્રુત અનુયોગ ॥ ૧૭ ॥ શ્રી શ્રુ૦૧૧
વળી સંતાદિક નવ પદે, તિહાં માર્ગણા ભાસ ।
સિદ્ધતણી સ્તવના કરે, શ્રુત અનુયોગ સમાસ ॥ ૧૮ ॥ શ્રી શ્રુ૦૧૨

પ્રાભૃત પ્રાભૃત શ્રુત નમું, પૂરવના અધિકાર ।
બુદ્ધિ પ્રબલ પ્રભાવથી, જાણે એક અધિકાર ॥ ૧૯ ॥ શ્રી શ્રુ૦૧૩
પ્રાભૃત પ્રાભૃત શ્રુત સમા, સાભિધ લબ્ધિ વિશેષ ।
બહુ અધિકાર ઈસ્યા ગ્રહે, ક્ષીરાશ્રવ ઉપદેશ ॥ ૨૦ ॥ શ્રી શ્રુ૦૧૪
પૂરવગત વસ્તુ જીકે. પ્રાભૃત શ્રુત તે નામ ।
એક પ્રાભૃત જાણે મુનિ, તાસ કરું પ્રણામ ॥ ૨૧ ॥ શ્રી શ્રુ૦૧૫
પૂરવ લબ્ધિ પ્રભાવથી, પ્રાભૃત શ્રુત સમાસ ।
અધિકાર બહુલા ગ્રહે, પદ અનુસાર વિલાસ ॥ ૨૨ ॥ શ્રી શ્રુ૦૧૬
આચારાદિક નામથી, વસ્તુ નામ શ્રુત સાર ।
અર્થ અનેકવિધે ગ્રહે, તે પિણ એક અધિકાર॥ ૨૩ ॥ શ્રી શ્રુ૦૧૭
દુગ સય પણવીસ વસ્તુ છે, ચૌદ પૂરવનો સાર ।
જાણે તેહને વંદના, એક શ્વાસે સો વાર ॥ ૨૪ ॥ શ્રી શ્રુ૦૧૮
ઉત્પાદાદિ પૂરવ જે, સૂત્રે અર્થ એક સાર ।
વિદ્યા મંત્રતણો કહ્યો, પૂરવ શ્રુત ભંડાર ॥ ૨૫ ॥ શ્રી શ્રુ૦૧૯
બિંદુસાર લગે ભણે, તેહિજ પૂરવ સમાસ ।
શ્રી શુભવરીને શાસને, હોજો જ્ઞાનપ્રકાશ ॥ ૨૬ ॥ શ્રી શ્રુ૦૨૦

(પ્રથમના ૪ પીઠિકાના દુહા, ૬ટ્ઠો દરેક ભેદે કહેવાનો દુહો અને ૯મો દુહો તેટલા ખમાસમણમાં ન ગણવા.)

## ઈતિ અક્ષયનિધિ તપ ખમાસમણના દુહા સમાપ્ત.

પછી પસલી (ખોબો) ભરી 'બોધાગાધં સુપદપદવી૦' એ સ્તુતિ બોલીને તે પસ કુંભમાં નાંખવો. કુંભ પાસે કલ્પસૂત્રની સ્થાપના કરવી. માથે ચંદરવાં, પુંઠીયા બાંધવા. ડાંગરની ઢગલી ઉપર કુંભ સ્થાપવો. પંદરમે દિવસે તે કુંભ પૂરો ભરવો. પછી તેના પર શ્રીફળ મૂકી તેને લીલા અથવા

પીળા રેશમી વસ્ત્રથી બાંધવો. શ્રાવણ વદ ચોથથી આરંભી ભાદરવા શુદી ચોથને દિવસે તપ પૂરો કરવો. દરરોજ એકાસણાં કરવાં. બ્રહ્મચર્ય પાળવું, કુંભ પાસે અખંડ દીવો ફાનસ વિગેરે જતનાપૂર્વક રાખવો. 'ૐ હ્રીઁ શ્રીં ક્લીં નમો નાણસ્સ' અથવા 'નમો નાણસ્સ' એ ગરણું નવકારવાળી વીશ પ્રમાણ ગણવું. દશ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. છેલ્લે તથા પહેલે દિવસે રાત્રીજાગરણ કરવું તથા વરઘોડો કાઢવો.

## * આયંબિલ વર્ધમાન તપ *

(છ વિગયના ત્યાગપૂર્વક કરાતું એકાશન તે આયંબિલ કહેવાય છે. દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ અને પક્વાન્ન એ છ વિગયો છે. વિગય એટલે વિકૃતિ, જે રસના સેવનથી મન, વચન અને કાયામાં વિકૃતિ આવે તે વિગય.

આજે પ્રતિદિન આયંબિલ તપની મહત્તા વધતી જાય છે અને તે તપનું આચરણ કરનાર ભવ્યાત્માઓની સંખ્યા પણ વૃદ્ધિ પામતી જાય છે. આયંબિલ એ ઉત્તમ પ્રકારનો તપ છે, રસનેંદ્રિયને જીતવા માટે અમોઘ ઉપાય છે.

ચૈત્ર અને આસો માસમાં એક સાથે કરાતાં નવ આયંબિલને 'શ્રી નવપદજીની ઓળી' કહેવામાં આવે છે. આ શ્રી સિદ્ધચક્ર ભગવંતના આરાધનથી શ્રીપાલ અને મયાણાસુંદરી આ લોક ને પરલોકમાં અતિ ઋદ્ધિ-સિદ્ધિને પ્રાપ્ત કરી શકયા હતા, તે હકીકત આપણા સમાજમાં સુવિદિત છે.

ચઢતા ક્રમે ઓળી કરવી તે 'વર્દ્ધમાન તપ' કહેવાય છે. આ કાળમાં પણ કેઈક ભવ્યાત્માઓ વિકટ ગણાતી આ

વર્ધમાન તપની સો ઓળી પૂર્ણ કરી શકયા છે. શ્રીચંદ કેવળીએ પૂર્વભવે આ આયંબિલ વર્દ્ધમાન તપના કરેલ આરાધનથી અત્યંત ઋદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત કરી હતી અને પ્રાંતે મોક્ષલક્ષ્મીને વર્યા હતા.)

उपवासान्तरितानि च शतपर्यन्तं तथैकमारभ्य ।
वृद्ध्या निरन्तरतया भवति तदीचाम्लवर्धमानं च ॥

આંબિલવડે વૃદ્ધિ પામતો જે તપ તે આંબિલ વર્ધમાન તપ કહેવાય છે. તેમાં ઉપવાસના આંતરાવાળા આંબીલ એકથી આરંભીને સો સુધી ચઢતાં ચઢતાં કરવાં. એટલે કે પ્રથમ એક આંબીલ કરી ઉપવાસ કરવો, પછી બે આંબીલ ઉપર ઉપવાસ કરવો, પછી ત્રણ આંબીલ ઉપર ઉપવાસ કરવો, એ પ્રમાણે ચઢતાં ચઢતાં સો આંબીલ ઉપર ઉપવાસ કરવો. આ રીતે કરતાં ચૌદ વર્ષ, ત્રણ માસ અને વીશ દિવસે આ તપ પૂર્ણ થાય છે. ઉદ્યાપનમાં મોટી સ્નાત્રવિધિપૂર્વક ચોવીશ જિનની પૂજા કરવી. મુનિને દાન દેવું. સંઘપૂજા, સંઘવાત્સલ્ય કરવું. આ તપનું ફળ તીર્થંકરનામકર્મનો બંધ થાય તે છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. 'નમો અરિહંતાણં' પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

આ મહાન્ તપ છે અને પુણ્યશાળી જીવ જ તેને સાદ્યંત પૂર્ણ કરી શકે છે. આ તપ પૂર્વ ભવે શ્રીચંદ કેવળીએ કર્યો હતો.

## * એક ચોખાનું આયંબિલ (ઉત્કૃષ્ટ તપ) *

ચોખા નો વર્ણ (કલર) શ્વેત છે સફેદ કલર અરિહંતપદના વર્ણનો (સૂચક) છે. નિર્મળ છે. અક્ષત પદને આપનાર અક્ષતનું

આયંબિલ શુદ્ધ આયંબિલ ગણાય છે. ધાન્યમાં ચોખાની ઉત્તમ ધાન્યમાં ગણના થાય છે. ઉત્કૃષ્ટ તપમાં આ આયંબિલ તપ છે અને તેનું ફળ એક ચોવિહાર ઉપવાસનું છે.

શ્રી ઋષભદેવ ભગવાનની પુત્રી અને બાહુબલીની બેન સતી શીરોમણી સુંદરીએ પોતા પર થયેલો ભરતરાજાનો મોહ ઉતારવા ઘણા વર્ષો સુધી આવા આયંબિલનું તપ કરેલ.

## * વર્ષીતપ વિધિ *

ફા. વ. આઠમના ઉપવાસથી શરૂ કરવો. પ્રારંભમાં છઠ્ઠ કે અઠ્ઠમ કરવો હોય તો આઠમના છેલ્લો ઉપવાસ આવે તે પ્રમાણે કરવો. આ તપમાં એકાંતરે ઉપવાસ અને પારણે ઓછામાં ઓછું બિઆસણું કરવું. વચ્ચે આવતા અક્ષયતૃતીયાના દિવસે (શક્તિ હોય તો) ઉપવાસ કરવો. સંવત્સરી, મૌન એકાદશી, જ્ઞાનપંચમી અને દર ચૌદસે ઉપવાસ અને ચોમાસીમાં છઠ્ઠ કરવો. બીજા વર્ષે અક્ષયતૃતીયા (વૈ. સુ. ૩) ના દિવસે શેરડીના રસથી પારણું કરવું. બે પ્રહર (છ કલાક) પછીનો શેરડીનો રસ અભક્ષ્ય છે. અથવા સાકરના પાણીથી પણ પારણું કરી શકાય.

વિધિ : સા.ખ.કા. ૧૨-૧૨ કરવા તથા શ્રી ઋષભદેવનાથાય નમઃ એ પદની ૨૦ માળા ગણવી.

### ખમાસમણાનો દુહો

પરમ પંચ પરમેષ્ઠિમાં, પરમેશ્વર ભગવન;
ચાર નિક્ષેપે ધ્યાઈએ, નમો નમો શ્રીજિનભાણ. ॥ ૧ ॥

## * શ્રી સ્વર્ગસ્વસ્તિક તપ અને વિધિ *

પ્રથમ ચાર એકાસણાં ઉપર એક ઉપવાસ કરવો. ઉદ્યાપને પાંચ ધાન્યનો સ્વસ્તિક પૂરવો. પાંચ ધાન્ય મણ મણ જ્ઞાનની પાસે ઢોકવા. 'નમો નાણસ્સ' પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે એકાવન કરવા.

## * નિગોદ આયુક્ષય તપ *

સાધારણ વનસ્પતિકાયને નિગોદ કહેવામાં આવે છે. સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાયને સૂક્ષ્મ નિગોદ કહેવામાં આવે છે. ચર્મચક્ષુથી જેને ન જોઈ શકાય તેને સૂક્ષ્મ કહેવામાં આવે છે. આ વિશ્વમાં અસંખ્ય ગોળાઓ છે, એક એક ગોળામાં અસંખ્યાથી નિગોદ છે અને એક એક નિગોદમાં અનંતા જીવો હોય છે.

નિગોદના જીવોનું આયુષ્ય અંતર્મુહૂર્તનું હોય છે. અંતર્મુહૂર્તનો કાળ એટલે બે ઘડીની અંદરનો કાળ. તેની શરૂઆત નવ સમયથી થાય છે. અત્યંત સૂક્ષ્મ કાળને સમય કહેવામાં આવે છે.

પ્રથમ એક ઉપવાસ ઉપર એકાસણું. પછી બે ઉપવાસ ઉપર એકાસણું, પછી ત્રણ ઉપવાસ ઉપર એકાસણું, પછી બે ઉપવાસ ઉપર એકાસણું, પછી એક ઉપવાસ ઉપર એકાસણું એમ ચૌદ દિવસે તપ પૂર્ણ કરવો. ઉદ્યાપને ચૌદ મોદક ઢોકવા. આ તપનું ફળ નિગોદના આયુષ્યનો ક્ષય થાય તે છે. 'નમો અરિહંતાણં' એ પદની વીશ નવકારવાળી ગણવી. સાથીયા વિગેરે બાર બાર કરવા.

## * સાત સૌખ્ય આઠ મોક્ષ તપ *

આ તપમાં સાત એકાસણાં કરી ઉપર એક ઉપવાસ કરવો. ઉદ્યાપનમાં સાત મોદક તથા આઠમો ચારગણો મોટો મોદક દેવ પાસે ઢોકવો. સોળ જાતિનાં પક્વાન્ન તથા ફળ વિગેરે ઢોકવા. જ્ઞાનપૂજા કરવી. ૐ હ્રીઁ 'નમો અરિહંતાણં' પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વિગેરે ૧૨-૧૨-કરવા.

## * નવકારશી - ચોવિહાર *

સૌથી નાનુ તપ અને ઉચ્ચુ એનુ ફળ ૧૧ વાગ્યા સુધીમાં પણ છેલ્લે ચોવિહારનું પચક્ખાણ રાત્રે સૂતા પહેલા ધારવું. સવારે ઉઠીને નવકારશીનું પચકખાણ કરવાથી નારકીનું આયુષ્ય તૂટે. આ રીતે નિયમથી વ્રતપાલન થાય છે. નિયમ એ બંધન નથી પણ મૂક્તિનું દ્વાર ખોલવા માટેની અવિચલ સિધ્ધિપદ પામવાની અજોડ શક્તિ છે. સૂર્યાદય પછી ૪૮ મિનીટ બાદ નવકારશી આવે છે. દરેક પચ્ચક્ખણા પારતા પહેલાં ત્રવ નવકાર ગણવા.

## * પચ્ચક્ખાણો *

### નમુ કકારસહિઅં મુટ્ઠિસહિઅં

ઉગ્ગએ સૂરે, નમુકકારસહિઅં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) ચઉવ્વિહંપિ આહારં, અસણંપાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ (વોસિરામિ)

### પોરિસિ-સાઢ્ઢપોરિસિ

ઉગ્ગએ સૂરે, નમુકકારસહિઅં, પોરિસિં મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં,

સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવતિયાગારેણં, વોસિરઈ (વોસિરામિ)

## આયંબિલ નિવિ-એકાસણું-બિયાસણું

ઉગ્ગએ સૂરે, નમુકકારસહિઅં, પોરિસિં, સાઢ્ઢપોરિસિ, મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવતિયાગારેણં, આયંબિલ નિવ્વિગઈઅં વિગઈઓ પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિતવિવેગેણં, પડુચ્ચમકખિંએણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં સવ્વસમાહિવતિયાગારેણં, 'બિયાસણં', એકાસણં, પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ). તિલિહંપિ આહારં, અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં સહસાગારેણં, સાગારિયાગારેણં, આઉટણપસારેણં, ગુરુઅબ્ભુટ્ઠાણેણં પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવતિયાગારેણં પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણવા, બહુલેવેણવા, સસિત્થેણવા, અસિત્થેણવા, વોસિરઈ (વોસિરામિ).

(સૂચના : જો બિયાસણાનું પચ્ચક્ખાણ કરવું હોય તો 'બિયાસણં' અને એકાસણાનું પચ્ચક્ખાણ કરવું હોય તો 'એકાસણં' પાઠ ભણવો.)

## ચઉવિહાર ઉપવાસ

સૂરેઉગ્ગએ અબ્ભતટ્ઠં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) ચઉવ્વિહંપિઆહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવતિયાગારેણં, વોસિરઈ (વોસિરામિ)

## તિવિહાર ઉપવાસ

સૂરે ઉગ્ગએ અબ્ભતટ્ઠં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) ચઉવ્વિહંપિઆહારં, અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવતિયાગારેણં, પાણહાર પોરિસિ, સાઢ્ઢપોરિસિં, મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવતિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણવા, અચ્છેણ વા, બહુલેવેણવા, સસિત્થેણ વા, અસિત્થેણવા, વોસિરઈ (વોસિરામિ)

(બે ઉપવાસ માટે છટ્ઠભતં, ત્રણ માટે અટ્ઠમભતં, ચાર માટે દસમભતં, પાંચ માટે બારસભતં, આ રીતે પાઠ બોલવો.)

(એક થી વધુ ઉપવાસવાળાએ બીજા દિવસથી 'પાણહાર' નું પચ્ચક્ખાણ

લેવા 'પાણહાર પોરિસિ' થી 'વોસિરઈ' સુધીનો પાઠ બોલવો.)

## * સાંજના પચ્ચક્ખાણો *

### પાણહાર

પાણહાર દિવસચરિમં પચ્ચક્ખાઈ (પચ્ચકખામિ), અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવતિયાગારેણં, વોસિરઈ (વોસિરાંમિ)

### ચઉવિહાર

દિવસચરિમં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), ચઉવ્વિહંપિઆહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગરેણં, સવ્વસમાહિવતિયાગારેણં વોસિરઈ (વોસિરામિ).

### તિવિહાર

દિવસચરિમં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), ચઉવ્વિહંપિઆહારં, અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગરેણં, સવ્વસમાહિવતિયાગારેણં વોસિરઈ (વોસિરામિ).

(પચ્ચકખ્ખાણ કરનારે 'પચ્ચખ્ખામિ' અને 'વોસિરામિ' શબ્દ બોલવો.)

## * ચૈત્યવંદન વિધિ *

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણજ્જાએ, નિસીહિઆએ, મત્થેણ વંદામિ.

### ઈરિયાવહિયં સૂત્ર

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં ૧. ઈરિયાવહિયાએ, વિરાહણાએ ૨. ગમણાગમણે ૩. પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે, ઓસાઉત્તિંગપણગદગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ૪. જે મે જીવા વિરાહિયા, ૫. એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા,

કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ૭.

## તસ્સ ઉત્તરી સૂત્ર

તસ્સ ઊત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહીકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

## અન્નત્થ સૂત્ર

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં, ૨. એવમાઈએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫. (પછી એક લોગ્ગસ ચંદેસુનિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકાર નો કાઉસ્સગ કરવો).

## લોગસ્સ સૂત્ર

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉ વીસંપિ કેવલિ. ૧. ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ, વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ

અભિથુઆ, વિહુયરયમલા પહીણ જરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિયવંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરુગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિધ્ધા સિધ્ધિં મમ દિસંતુ. ૭. (પછી ૩ ખમાસણા દેવા)

ઈચ્છાકરેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરૂં ? ઈચ્છં કહી સકલકુશલ કહી ચૈત્યવંદન કરવું.

સકલ કુશલ વલ્લી-પુષ્કરાવર્ત મેઘો, દુરિત તિમિર ભાનુંઃ કલ્પવૃક્ષોપમાનઃ ભવ જલ નિધિ પોતઃસર્વ સંપત્તિ હેતુઃ, સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાન્તિનાથઃ શ્રેયસે પાર્શ્વનાથઃ

## પંચમીનું ચૈત્યવંદન

બાર પરષદા આગળે, શ્રીનેમિ જિનરાય;
મધુર ધ્વનિ દિયે દેશના, ભવિ જનને હિતદાય. ૧
પંચમી તપ આરાધીએ, જિમ લહીએ જ્ઞાન અપાર;
કાર્તિક શુદિ પંચમી ગ્રહો, હરખ ઘણો બહુમાન. ૨
પાંચ વર્ષ ઉપર વળી, પંચ માસ લગે જાણ;
અથવા જાવજ્જીવ લગે, આરાધો ગુણ ખાણ. ૩
વરદત્ત ને ગુણમંજરી, પંચમી આરાધી;
અંતે આરાધન કરી, શિવપુરીને સાધી. ૪
ઈણિ પેરે જે આરાધશે એ, પંચમી વિધિ સંયુક્ત;
જિન ઉત્તમ પદ પદ્મને, નમી થાયે શિવભક્ત. ૫

## જંકિચિ સૂત્ર

જંકિંચિ નામતિત્થં સગ્ગે પાયાલિ માણુસે લોએ,

જાઈ જિણબિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ.

## નમુત્થુણં સૂત્ર

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુધ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુડરિઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩. લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિયાણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણંદયાણં બોહિદયાણં, ૫. ધમ્મદયાણં, ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિઅટ્ટછઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં, તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વન્નુણં, સવ્વદરિસીણં, સિવમયલ મરૂઅ-મણંત મક્ખય મવ્વાબાહ-મપુણારાવિત્તિ-સિદ્ધિ ગઈ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯. જે એ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિ ણાગએ કાલે, સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

## જાવંતિ ચેઈઆઈ સૂત્ર

જાવંતિ ચેઈઆઈ. ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ;
સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ.
ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ, નિસીહિઆએ, મત્થેણ વંદામિ.

## જાવંત કેવિ સાહૂ સૂત્ર

જાવંત કેવિ, સાહૂ ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

નમોઽર્હત્-સિદ્ધાચાર્યોપાધ્યાય-સર્વ-સાધુભ્યઃ

## જ્ઞાન પંચમીનું સ્તવન

પંચમી તપ તુમે કરો રે પ્રાણી, જિમ પામો નિર્મળ જ્ઞાન રે; પહેલું જ્ઞાન ને પછી ક્રિયા, નહીં કોઈ જ્ઞાન સમાન રે. પં૦ ॥૧॥ નંદીસૂત્રમાં જ્ઞાન વખાણ્યું, જ્ઞાનના પંચ પ્રકાર રે; મતિ શ્રુત અવધિ ને મનપર્યવ, કેવળજ્ઞાન ઉદાર રે. પં૦ ॥૨॥ મતિ અટ્ઠાવીશ શ્રુત ચૌદ વીશ, અવધિ છ અસંખ્ય પ્રકાર રે; દોય ભેદે મનપર્યવ દાખ્યું, કેવળ એક શ્રીકાર રે. પં૦ ॥૩॥ ચંદ્ર સૂર્ય ગ્રહ નક્ષત્ર તારા, જેવો તેજ આકાશ રે; કેવળજ્ઞાન સમો નહીં કોઈ, લોકાલોક પ્રકાશ રે. પં૦ ॥૪॥ પારસનાથ પસાય કરીને, પૂરો અમારી ઉમેદ રે; સમયસુંદર કહે હું પણ પ્રણમું, જ્ઞાનનો પંચમ ભેદ રે. પં૦ ॥૫॥

## જય વીયરાય સૂત્ર

જય વિયરાય ! જગગુરુ ! હોઉ મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈટ્ઠફલસિદ્ધી ૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરુજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહુગુરુજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા ૨
વારિજ્જઈ જઈવિ નિયાણ-બંધણં વીયરાય ! તુહ સમયે;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં ૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણ ૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ;
પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ૫

## અરિહંતચેઈઆણં સૂત્ર

અરિહંતચેઈયાણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧ વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! ૨ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં. ૩

અહીં અન્નત્થ સૂત્ર કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો.

## જ્ઞાન પંચમીની થોય

પાંચમને દિન ચોસઠ ઈંદ્રે, નેમિ જિન મહોત્સવ કીધો જી । રૂપે રંભા રાજીમતીને, છંડી ચારિત્ર લીધો જી ॥ અંજન રત્ન સમ કાયા દીપે, શંખ લંછન સુપ્રસિદ્ધો જી ॥ કેવળ પામી મુક્તિ પહોંચ્યા, સઘળાં કારજ સીધ્યાં જી ॥ ૧ ॥

ભાવપૂજાની પૂર્ણાહુતી કરતાં કરતાં નીચેની ભાવવાહી સુંદર ભાવના ભાવવી.

આવ્યો શરણે તમારા જિનવર ! કરજો, આશ પૂરી અમારી,
નાવ્યો ભવપાર મ્હારો તુમ વિણ જગમાં, સાર લે કોણ મારી;
ગાયો જિનરાજ ! આજે, હરખ અધિકથી પરમ આનંદકારી,
પાયો તુમ દર્શનાસે, ભવભય ભ્રમણા નાથ ! સર્વે અમારી.

---

તપરૂપી અદ્‌ભૂત કલ્પવૃક્ષનું - સંતોષ એ મજબુત મૂળ છે
શાંતિ એ વિસ્તૃત થડ છે, પાંચ ઈંદ્રિય નિરોધ એ વિશાળ શાખા છે
અભયદાન એ પાંદડા છે, શીલ ચારિત્ર્ય એ અંકુર છે
શ્રદ્ધારૂપ પાણીનું સિંચન છે, સ્વર્ગપ્રાપ્તિ એ પુષ્પ છે,
અને શિવસુખ પ્રાપ્તિ એ ફળ છે.

## અમો આભારી છીએ....

- પૂ. આચાર્ય શ્રી યશોવર્મસૂરિશ્વરજીનાં....
- પૂ. શ્રી મોક્ષરતિવિજયજી મહારાજ સાહેબનાં....
- પૂ. સાધ્વીજી શ્રી જયશીલાશ્રીજીનાં....
- પૂ. સાધ્વીજી શ્રી નંદીવર્ધનાંશ્રીજીનાં....
- 'તપ ફોરમ' નાં સુંદર પ્રીન્ટીંગ બદલ
  'પૂનમ પ્રીન્ટર્સ' [redacted] શ્રી દિલીપભાઈનાં....



હે પ્રભુ,
સંજોગો વિકટ હોય ત્યારે
સુંદર રીતે કેમ જીવવું તે મને શીખવ,
બધી બાબતો અવળી પડતી હોય ત્યારે
શાંતિ કેમ રાખવી તે મને શીખવ,
કામ અતિશય મુશ્કેલ લાગતું હોય ત્યારે
ખંતથી એમાં લાગ્યા કેમ રહેવું તે મને શીખવ,
કઠોર ટીકાઓનો વરસાદ વરસે ત્યારે તેમાંથી
મારા ખપનું ગ્રહણ કેમ કરી લેવું તે મને શીખવ,
પ્રલોભનો, પ્રસંશા, ખુશામતની વચ્ચે
તટસ્થ કેમ રહેવું તે મને શીખવ,
ચારે બાજુથી મુશ્કેલીઓ ઘેરી વળે,
શ્રદ્ધા ડગુમગુ થઈ જાય, નિરાશાની ગર્તામાં
મન ડૂબી જાય ત્યારે ધૈર્ય અને શાંતિથી
તારી કૃપાની પ્રતીક્ષા કેમ કરવી તે મને શીખવ

'તમારા હૃદયમાં પરમાત્મા એમનો દિવ્ય દરબાર ભરીને અખંડ બિરાજમાન છે માટે નિર્ભય બનો તમારૂં અમંગલ કોઈ કરી શકશે જ નહિ.'

'ને પરમાત્માની કૃપામાં વિશ્વાસ છે તે સુખી છે તેની ચિંતા પરમાત્મા જ કરે છે તમને બીજા કોઈની નકામી આશા રાખવાનું કોઈ કારણ નથી.'

POONAM PRINTERS (DILIPBHAI) ☎ : 564 8365